**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦, ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો C/o ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રેમભરી સદ્‌ભાવભરી પ્રશંસનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| પ્રભુ માટેની દૈનિક પ્રાર્થનાઓ | મા સર્વેશ્વરી | ૪ |
| એ યાદ આવે છે | દક્ષેશ કોન્ટ્રાક્ટર | ૭ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| Van Parva | Niti Bhatt | ૧૩ |
| હવે હું સવાસો વર્ષ જીવવા નથી ઇચ્છતો—ગાંધીજી | મનુબેન ગાંધી | ૧૮ |
| Maa & Maa alone, a sole proteetor in life | Bindiya Bhakta | ૨૨ |
| મહાત્મા યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા | ડો. અરૂણિકા દરૂ | ૨૭ |
| પ.પૂ. મહાત્મા યોગેશ્વરજીનો ૯૦ મો જન્મદિન | શ્રી નારાયણ હ. જાની | ૩૩ |
| પ.પૂ. માની સંનિધિમાં યોજાયેલ ઓઝાનાની શિબિર | ઇશ્વરભાઇ પ્ર. ભક્ત | ૩૭ |
| પ.પૂ. શ્રી સર્વેશ્વરીની પનામા—યાત્રા | મા સર્વેશ્વરી | ૪૩ |
| તોતાપુરીની કાયાપલટ | યોગેશ્વરજી | ૪૮ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૫૨ |
| શરીર મીમાંસા | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૫૫ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## પ્રેમભરી સદ્ભાવભરી પ્રશંસનીય સહાય

**માતાપિતાના પ્રેમને, સંપને પૂર્ણપણે ઝીલી રહ્યા છે, વળી પરિવારના પ્રત્યેક બાળકને સ્વર્ગારોહણમાં ઉતારી, સત્સંગ ને સેવાના પાઠ શીખવી રહ્યા છે એવા**

**૧. શ્રી સુરેશભાઇ**

**૨. શ્રી કિશોરભાઇ અને**

**૩. શ્રી મહેન્દ્રભાઇ**

**તરફથી અધ્યાત્મનો આ અંક પ્રસિદ્ધ થઇ રહ્યો છે.**

**એ સમગ્ર પરિવારો પર પ્રભુના આશીર્વાદ વરસો એજ પ્રાર્થના.**

**—મા સર્વેશ્વરી**



# પ્રભુ માટેની દૈનિક પ્રાર્થનાઓ

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

(૯)

તમે આંધળાઓને દોરનાર છો. તમે અજ્ઞાનીઓ ને જ્ઞાનીના ગુરુ છો. તમે નિરાધારના આધાર છો, અમારી શાંતિનું સ્થળ છો અને સૌ ભક્તના આનંદ—ધામ છો.

અમે હાથ જોડી દીનતાપૂર્વક મસ્તક નમાવીને, વિનંતી કરીએ છીએ કે, આ તમારી કૃપાથી મળેલી જીભથી દુ:ખીઓને દિલાસો આપીએ, અજ્ઞાનીઓને જ્ઞાન આપીએ અને ગરીબ ભાઈ—બહેનો તરફ વિવેક ભરેલાં મીઠાં વચનો બોલીએ તથા તેઓની સેવા કરતા રહીએ, અને જેણે અમને આવી ઉમદા બક્ષિસ આપી છે, તે દેવાધિદેવ મહાન પ્રભુના ગુણ ગાવામાં અમારી જીભને કામે લગાડીએ, એવી અમારા સૌ ઉપર, હે પ્રભુ! કૃપા કરો.

(૧૦)

હે પ્રભુ! હવે કૃપા કરીને અમને તમારા કરી લો, કે જેથી અમે તમારે માટે જ જીવીએ, તમારા પ્રેમને ખાતર સત્કરમો કરીએ, તમારી ઈચ્છા મુજબ વર્તીએ, તમારા હુકમો પાળીએ અને સઘળી વાતે તમને જ અર્પણ થઈને રહીએ, એવી અમોને બુદ્ધિ આપો. એમ થવા માટે હે નાથ! અમે સદા તમારા સેવાસ્મરણમાં દિવસો ગાળીએ એવું કરો.

(૧૧)

હે હરિ! તમારા રાજ્યમાં કોઇ પણ પાપી શિક્ષા પામ્યા

સિવાય રહેતો નથી અને કોઇ પણ પુણ્યશાળી પોતાનાં કર્મોનું ફળ મેળવ્યા વિના રહેતો નથી, કારણ કે તમે ન્યાયી પ્રભુ સૌને સૌનાં કર્મનો બદલો આપી રહ્યા છો. પ્રભુ! અમારી ઉપર તમારી દયાનો પાર નથી અને તમારી સામે થઇને અમે જે પાપો કર્યાં છે, તેનો પણ કાંઇ પાર નથી.

(૧૨)

હે દેવ! અમને તમારા વિના બીજા કોઇનું પણ બળ નથી.

પ્રભુ! અમારા જેવા પાપી જીવોનો ઇન્સાફ કરવા બેસશો તો અમારો આરો આવે તેમ નથી. માટે હે દીનાનાથ! અમો દીનજનો ઉપર તો દયા ને દયા જ કરો. અમારા ઉપર એવી કૃપા કરો કે, તમારા વિના બીજા કોઇ પર પ્રેમ ન કરીએ. હે હરિ! ખોટે રસ્તે રખડતા જીવોને તમારા પવિત્ર માર્ગમાં લાવો.

(૧૩)

પ્રભુ! અમને તમારું ખરું દર્શન આપો કે જેથી અમે તમારી સાથે એક થઇ—જોડાય જઇને રહીએ.

સર્વત્ર જેની દૃષ્ટિ છે એવા પ્રભુ સદા અમારી સાથે છે, એવું જાણીને અમે પાપકર્મ ન કરીએ એવી અમોને બુદ્ધિ આપો.

હે હરિ! અમે સર્વે એક બીજા ઉપર ભાવ રાખી, એકબીજાનાં સંકટોમાં સહાય કરીએ અને સર્વની તરફ ક્ષમાદૃષ્ટિથી વર્તીએ, એવી અમોને બુદ્ધિ આપો.

(૧૪)

પ્રભુ! અમને તમારા કરી લો. અને તમે અમારા થઇ જાઓ, એટલું જ અમે માંગીએ છીએ.

પ્રભુ! અમે દરરોજ તમને ગમે એવાં ઉત્તમ શુભકર્મો કરીએ



એવું કરો.

તમારી ઇચ્છાથી અમે ઉત્પન્ન થયા છીએ માટે અમારા ખરા પિતા તમે જ છો અને આજ દિવસ સુધી તમોએ અમોને નિભાવ્યા છે માટે અમારા પાલનકર્તા પણ તમે જ છો.

પ્રભુ! આપનું મંગલ નામ ઘણા જન્મોનાં પાપોને બાળીને ભસ્મ કરી નાખે તેવું છે. માટે અમે સદાય આપના નામનો જપ કરતા રહીએ એવું કરો.


(૧૫)

ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં જ્યાં જ્યાં જોઇએ ત્યાં ત્યાં સર્વત્ર તમારું જ રાજ્ય અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળના જ્ઞાતા પણ તમે જ છો. તથા જડ ચૈતન્યને ચલાવનારા સૌના સ્વામી પણ તમે જ છો. હે પ્રભુ! ચૌદ ભુવનના સ્વામી પણ તમે જ છો.

જેને આંગણે અમૃતની નદીઓ વહ્યા કરે છે, જેના બગીચામાં કલ્પવૃક્ષો શોભી રહ્યાં છે, ચિંતામણિથી જડિત સુશોભિત મહેલમાં જેનો વાસ છે અને જેના ચરણના નખની શોભા કોટી કોટી સૂર્યને પણ લજ્જાયમાન્ કરે એવી છે. તથા મુક્તપુરુષોનું મોટું મંડળ જયજયકાર કરી જેમની આરતી ઉતારી રહ્યું છે. એવા અવર્ણનીય અકલેશ્વર, સર્વેશ્વર અને દેવેશ્વર, મહાન પ્રભુને અમારા હજાર હજાર વાર દંડવત પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

(ક્રમશઃ)

# એ યાદ આવે છે



**શ્રી યોગેશ્વરજી**

**(૧૫ ઓગષ્ટ ૧૯૨૧–૧૮ માર્ચ ૧૯૮૪)**

હતા કેવા પરમ યોગી તમે, એ યાદ આવે છે,
કરી અંધારમાં જ્યોતિ તમે, એ યાદ આવે છે.
જીવનનું ધ્યેય સમજાવી બતાવ્યાં પામવા સાધન,
ધર્યું અણમોલ જે મોતી તમે એ યાદ આવે છે.
સકળ વિઘ્નો વટાવીને થયા સંસિદ્ધિથી ભૂષિત,
બતાવી ધ્યેય પર પ્રીતિ તમે, એ યાદ આવે છે.
મૂકી તવ હાથ અમ શિર પર, અભયનાં દાન જે દીધાં,
હરી લીધી સકળ ભીતિ તમે, એ યાદ આવે છે.
નયન 'ચાતક' બની ઝંખી રહ્યા છે આપનાં દર્શન,
લૂછો છો આંખ સહુ રોતી તમે, એ યાદ આવે છે.

**—દક્ષેશ કોન્ટ્રાકટર 'ચાતક'**

**(રચના ૧૫ ઓગષ્ટ ૨૦૧૦)**




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ ઓગસ્ટ–૨૦૧૧ અંક ૧૧**


# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—બાજીપૂરા, જિ. સૂરત**

**તા.૨૧/૩/૮૨ રવિવાર**

અમેરિકામાં પ્રકાશના પંથે વાચીને થયેલા મેળાપ પૈકી શ્રી હીરાભાઇ અહીં આવ્યા હતા. તેમનું અમેરીકાથી જ બાજીપૂરામાં પ્રવચન માટેનું આમંત્રણ હતું. અહીં પણ તેઓ નિયમિત તેમના ગામ બાજીપૂરાથી સુરત પ્રવચનમાં આવ્યા ને નિયમિત રીતે બાજીપૂરામાં એક પ્રવચન પણ ગોઠવાય એવી માંગણી કરી. પરિણામે પૂ. શ્રીએ પોતાના આરામના દિવસોને બાદ કરી તેમનું આમંત્રણ સ્વીકાર્યું.

જેથી આજે સવારે ૧૧ વાગ્યે શ્રી હીરાભાઇ પૂ. શ્રીને પોતાની એમ્બેસેડર કારમાં લેવા આવી ગયા. સૌની વિદાય લઇ બાજીપૂરા જવાનું બન્યું.

સુરતથી દોઢ કલાકમાં બાજીપૂરા પહોંચી ગયા. ત્યાં પૂ. શ્રીનું

ફૂલહાર ચંદનતિલક ને આરતી સાથે સ્વાગત થયું.

શ્રી હીરાભાઇને ત્યાં સંતનું આગમન જાણે જીવનનો અમુલખ લહાવો હતો, એવું એમને લાગતું હતું. પૂ. શ્રીના પ્રવચન માટે ખાસ વિશાળ મંડપ બાંધ્યો હતો. વળી શ્રી હીરાભાઇએ પૂ. શ્રીના સ્વાગતની સુંદર તૈયારીઓ કરી હતી. પૂ. શ્રીની પ્રવચન સમયની બેઠક પણ ફૂલોથી સજાવી હતી.

સાંજે પ્રવચનમાં પણ લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. ા પ્રવચનનો લાભ લેવા સુરતથી પણ પાંચ ભાઇઓ આવ્યા હતા. તેમણે પ્રવચન બાદ વિદાય લીધી.

પૂ. શ્રી એ પણ પ્રવચન બાદ આરામ કર્યો

તા. ૨૨/૩/૮૨. સોમવાર

કપૂરા. જિ. સુરત

પૂ. શ્રી કપૂરા ગામમાં છેલ્લા પાંચ વરસથી નિયમિત આવે છે. સર્વેશ્વરીનું તે જન્મસ્થાન છે. પૂ. શ્રી નો ઉતારો સર્વેશ્વરીનાં મોટાબેનને ત્યાં જ હંમેશા રહ્યો છે. ૧૯૭૮થી એ જ ઉતારો પૂ. શ્રી માટે હોય છે. એ રીતે આ વખતે પણ ત્યાં જ ઉતારો હતો.

બાજીપૂરાથી વીસ જ મીનીટમાં કપૂરા પહોંચી જવાનું બન્યું. ત્યાં ૩ થી ૪ બપોરની મુલાકાતની બેઠક શરૂ થઇ, તે પહેલાં યજમાનનાં નવપરણિત પુત્ર અને પુત્રવધૂએ પૂ. શ્રી અને સર્વેશ્વરીનું સ્વાગત કર્યું.

મુલાકાતમાં હંમેશની જેમ ચિંતનાત્મક પ્રશ્નોની છણાવટ થઇ,જેમાં નીચે મુજબના પ્રશ્નો હતા.

પ્રશ્નો :– કોઇ ગર્ભમાં મૃત્યુ પામે, કોઇ ૫, કોઇ ૯, કે કોઇ ૨૫, તો કોઇ ૫૦ વરસે મૃત્યુ પામે તો એની પાછળનું કારણ શું?

પૂ. શ્રી :– કર્મોના ઋણાનુંબંધ પર બધો આધાર. કેટલું કોનું



આયુષ્ય તે. તેના કર્મસંસ્કાર પર આધાર રાખે છે. કેટલું જીવવું તે કર્મ પર આધારીત છે, પણ કેવી રીતે જીવવું તે આપણા હાથમાં છે. કેવી રીતે જીવવું તે તો બધા નક્કી કરી શકે છે. પરોપકરાર્થે જેટલું પણ જીવાય, તે જીવન ધન્ય. છેલ્લી ઘડીએ પણ કુકર્મોનો પશ્ચાતાપ થાય તો, તે થોડી પળનું જીવન પણ ધન્ય ગણાય.

**પ્રશ્ન :–** કર્મ બળે ખરાં?

**પ્રશ્નઃ–** શરીરની વ્યાધિ કર્મને લીધે થાય?

**પૂ.શ્રીઃ–** અધ્યાત્મ જગતને મનથી અનુભવી શકાય.

**પ્રશ્નઃ–** ભક્તિથી કર્મ ફળમાં ફેરફાર થાય?

સરસ પ્રશ્નોત્તરી થઇ. સાંજે પ્રવચન પણ થયું. પ્રવચન પછી ફરીથી બાજીપૂરા આવી જવાનું બન્યું.

**૨૩/૩/૮૨ મંગળવાર**

બાજીપૂરાથી મુંબઇ રાત્રે ૯ઃ૩૦ કલાકે આવી ગયા.

તા. ૨૪ થી ૨૯ શરીર અસ્વસ્થ બનતા નોંધ ન થઇ શકી.

**૩૦/૩/૮૨ મંગળવાર**

**સ્થળઃ ૪૦, બી રીજરોડ મુંબઇ**

તા. ૨૪ થી ૩૧ મુંબઇ માધવબાગ સી.પી. ટેન્કમાં પ્રવચનનું આયોજન હતું. પરિણામે તા. ૨૩મીએ રાત્રે મુંબઇ ઉપરના ઉતારા ઉપર આવી જવાનું બન્યું.

વરસો પછી પૂ.શ્રી માધવબાગમાં પ્રવચન માટે જાય છે. માધવબાગ મેદાનમાં સ્ટેજ તૈયાર હતું. જનતાએ સારો લાભ લીધો. સામે જ લક્ષ્મીનારાયણનું મંદિર હતું. દરરોજ સાંજે ૬ઃ૩૦ થી ૭ઃ૩૦ પ્રવચનો શરૂ થાય.

ગઈકાલે માધવબાગના સેક્રેટરી શ્રી વસંતભાઈ જાની પૂ.શ્રીનાં પ્રવચન પછી મળ્યા. તેઓ પૂ.શ્રીના પ્રવચનો પ્રથમવાર સાંભળે છે. અને એનાથી પ્રભાવિત થઈને તે એક મોટી રકમનું કવર પૂ.શ્રીને અર્પણ કરે છે. પૂ.શ્રી તેનો અસ્વીકાર કરે છે. ખૂબ આગ્રહ થતાં ફક્ત ૧રૂા. લે છે. પૂ.શ્રીની એ વિશેષતા એક સરખી રીતે વિદેશ કે દેશમાં જોવા મળે છે. જરૂર વિના વધુ લેવું નહીં અને પરિચય વિના પણ લેવું નહીં એ પૂ.શ્રી પાસેથી શીખવા જેવું છે.

આજે સવારે પૂ.શ્રી સ્નાન બાદ વ્યાયામ કરી લે છે. નિયમિત લેખન માટેની કલમ ચાલુ થઈ જાય છે. નવ વાગ્યે દૂધ આવી જતાં દૂધ લે છે, પણ એ સાથે વીટામીનની ટીકડી પણ દરરોજ જેમ લે છે.

સૂરતનાં પ્રવચનો દરમ્યાન એક ડોક્ટરનો મેળાપ થયો. તે ડોક્ટર નિયમિત પ્રવચનમાં આવતા. ખૂબ સેવાભાવી હતા. પરિણામે પૂ.શ્રી સાથે તેમણે આરોગ્ય વિષયક ચર્ચાઓ કરીને દવાઓ પણ આપી. પૂ.શ્રીને તે અનુકૂળ પણ થઈ. જેથી આજે પણ તે દવાઓ નિયમિત લે છે.

પૂ.શ્રી લેખનકાર્ય ૧૦:૪૫ સુધી એકધારૂ, કરે છે. સાડા અગિયાર વાગ્યે પૂ.શ્રી નીચેના ભાગમાં જાય છે. થોડી વાતો બાદ પૂ.શ્રી ભોજન લે છે. ભોજનબાદ પૂ.શ્રી મુલાકાત આપે છે.

ગઈકાલની જેમ આજે પણ જૈન સાધ્વીજીઓ પૂ.શ્રીને મળવા આવે છે. એમને થોડા પ્રશ્નો છે. જે તેઓ રજુ કરે છે.

**પ્રશ્નઃ–** મારે સીમંધર સ્વામી તીર્થંકરના દર્શન કરવા છે તો શું કરવું?

**પૂ.શ્રીઃ–** વધુ ને વધુ જપ ને પ્રાર્થના કરો.



**પ્રશ્નઃ–** હું શ્રી સીમંધર સ્વામી પરમાત્મા નમઃ જપુ છું.

**પૂ.શ્રીઃ–** એટલો લાંબો જપ કરવા કરતાં ૐ જય સીમંધર સ્વામી. ૐ જય સીમંધર સ્વામીના જપ કરો.

**પ્રશ્નઃ–** આપે એમના દર્શન કર્યા છે?

**પૂ.શ્રીઃ–** વસ્તુતઃ એક જ છે ને! લાડુ કહો કે સ્વીટ–બોલ કહો. વિવિધ સ્વરૂપોનાં દર્શન થયાં. તત્વતઃ એક જ વસ્તુ છે ને!

**પ્રશ્નઃ–** કોઈકવાર જપ કરતાં એક કલાક ક્યાં થઈ જાય તે ખબર જ ન પડે અને કોઈવાર એક કલાકમાં ૫ મીનીટમાં જ એકાગ્રતા આવે.

**પૂ.શ્રીઃ–** એ તો પોતાના મન ઉપર આધાર છે. દર્શનની લગની લાગે ત્યારે તો વહોરવાનું પણ ભૂલી જવાય. અમે હિમાલયમાં ભૂખ તરસ પણ ભૂલી જતા.

ત્યાર પછી કળીયુગની વાતો થઈ. વળી વિતરાગ અવસ્થાની વ્યાખ્યા પૂ.શ્રીએ કરી બતાવી. થોડી બીજી વાતો થઈ. આજે શ્રી મનુકુમાર વ્યાસ પણ પૂ.શ્રીને મળવા આવે છે.

શ્રી મનુકુમાર પૂ.શ્રીને નાનપણથી જાણે છે. પૂ.શ્રીના એ સ્વજન છે. પૂ.શ્રી તેમની અંગત મુંઝવણની વાતો સાંભળે છે.

પાંચ વાગી જાય છે. સમય થતાં જ પૂ.શ્રી તૈયાર થઈ જાય છે. ૫:૪૫ મીનીટે નીચે ઉતરે છે. પ્રવચન સ્થળે સમયસર પહોંચવાનું બને છે. માધવબાગના મેદાનના પ્રવચન પૂર્ણ થતાં ફરી ઉતારા ઉપર આવી જવાનું બને છે.

(ક્રમશઃ)

# Van Parva–2007

Niti Bhatt U.S.A.

There is nothing more exhilatering a good piece of literary talent than coming home where you feel the warmth of motherly love and care. This is a desire on a physical level. On a spiritual level, each and every soul desires to find its home where it rests in peace and joy. The vicinity of our revered mother MAA provides the divine abode for our soul. We, her children, have experience the homely warmth and selfless love that transcends materialsitic pleasures, in her holy presence.

Just like the previous two years, I got a chance to see MAA during Navarati this year. The Shibir was held in a camping area in the township of New Hope, in Southeaten part of Pennsylvania. The Shibir was rightly named by MAA as Van Parva due to its location. The entrance was nicely decorated with Indian flag, flowers, and “Aum Maa” tags. The trees were decorated with Indian flags as if saying ‘Welcome to Heaven’. It was Saturday Oct 13$^{th}$ and I arrived at the Shibir at about 5:30 pm. The



glimpse of MAA drains aways all the fatigue and stress accumulated due to traveling and other routine activities. The evening Satsang was picking up momentum as the vibrant youth kept singing dhuns and playing tabla with harnonium backed up by the cheerful applaud of MAA and the devotee audience.

I learned that the devotees had done an arduous job that making the road towards the near by lake walkable and were tired. So MAA in her usual jovial mood asked if everybody was ready to continue the dhun for the whole night. When everyone nodded their head showing their readiness, MAA replied that she was just testing their patience and asked everyone to take their evening Prasad after singing dhuns for an hour. Such is the vastness of our mother’s heart. Even at the end of a tiring day, MAA was giving her personal time to the devotess who had come from far off places to see her. The love of MAA attracts people from off places Without any discrimination based on region, color, etc. This was evident from the fact that an American Lady, who was named as Swati by MAA, had coincidently visited that place and stayed there for the entire course of the Shibir feeling a strong connection with the Holy Mother.

Let me take the opportunity to describe the physical setup of this Van Parva. The Satsang hall was quite splendidly decorated with flowers, 'Aum Maa' tags, lamps and above all the picture of Prabhu, MAA and mother Goddess Ambika, who is the deity of worship especially during Navaratri. Different inspirational quotes written by spiritual celebrities on the walls adorned the hall. The soft divine music running in the background added to the charm of the place. A part of the hall was devoted to the display of spiritual literature by Prabhuji. Thanks to the untiring efforts of the devoted Bhaktas, and the meticulous planning and support of MAA that this place became a heavenly abode. There was a small Kutiya(hut), similar to what we have in Swargaohan, builit of wood and placed a little away from the Satsang hall next to the food cabin. It was a quite place and best for performing prayers and medition. Running 5–10 minutes down the camping area was a small still lake adding to the beauty of the place.

The dawn of the next day started with the morning prayer walk followed by prayers and Pranams. We all know that MAA likes to do things differently every time and music is no exception to the manifestation of change. The



highly enticing music created a vivacious atmosphere in the hall engaging all the devotees in offering their devotion to the Lord. MAA rightly said that such Shibirs pave. a way towards revealing the hidden potential in all of us. Honestly, I do not even offer 100 Pranams to the Lord everyday but in the Shibir, I crossed the figure of 200. MAA stresses and encourages everyone to take Niyams and adhere to them during the Shibir (which also applies to our everyday lives). The 2–3 hours after lunch were devoted to performing personal devotional activity(Sadhana).

During the moring session, MAA asked shri Jagubhai to speak about the incident that happened in Haridwar, India during the last week of December 2006. Being an eye witness to the heart moving episode, he as if brought the event to life revealing how our Holy Mother saved the life of Divyesh, a devotee child, who plunged into the ferocious waters of the holy river Gangas. Divyesh had a dream of crossing the fierce and chiling river from the opposite end to the Arya Nivas where MAA usually stays during her visit to Haridwar. Despite of having immense mental strength, he could not finish the adventurous pursuit and his body started to

freeze in the strong currents of the cold waters. Shri Jagubhai described how he and 2–3 other devotees, witnessing this event with MAA, had prayed to her to save Divyesh's life and how MAA saved his life. He also described with strong emotional fervor, how during the course of this constant prayers, had he obtained the divine vision to see MAA in the from of Goddess Bhagwati. The description was deeply moving bringing tears to the eyes of many present and strengthening our faith in the divine power of our Holy Mother. At that moment, I was Praying to MAA silently that O Mother, just like Divyesh, we are getting drowned into the miseries of the world every moment. Kindly bestow your blessings and save us at each every passing moment! The whole incident that was described was captured in a video, which was also displayed for about 15 minutes. I also got an opportunity to watch a rare video where in MAA was climbing down (I shoud say running down) the foot long steps of a temple in Maharashtra, India along with a couple of devotess. The key event in that video was an astounding announcement by a stranger, a Maharashtrian lady, who came near MAA and declared that MAA was none other than the Goddess residing in the temple upstairs!! (To continue)



# હવે હું સવાસો વર્ષ જીવવા નથી ઈચ્છતો—ગાંધીજી

—મનુબહેન ગાંધી

પૂ.મહાત્મા ગાંધીજીને રામનામમાં અતૂટ શ્રદ્ધા, 'રામનામ' સર્વકાંઈ કરવા સમર્થ એવી એની અખંડ શ્રદ્ધા. પછી તે આઝાદીની લડત હોય કે શારીરિક બિમારી. ગાંધીજી એટલે 'રામનામ'મંત્રના વિજ્ઞાની.

જે મહાપુરુષ અંગ્રેજોની લાઠી અને ગોળીઓથી ના ડર્યો કે હાર્યો, તે પોતાના જ દેશવાસીઓની ધર્મઝનૂની કટ્ટરતા ને ખૂનામરકી સામે હારી ગયો. એક દિવસ 'હું એકસો પચ્ચીસ વર્ષ જીવીશ' કહેનારો માણસ ૭૫ વર્ષે એમ કહે કે હવે મને વધુ જીવવામાં રસ નથી. આને માટે આપણે જ કેટલા જવાબદાર—એ વિષે વિચારવાનો સમય શું પાકી ગયો નથી! જે ધાર્મિક ઝનૂન વિધર્મીઓ નથી ફેલાવતા તે આજના રાજકારણીયો મત માટે ફેલાવી રહ્યા છે. એ ઓછા દુઃખની વાત નથી.

—તંત્રી

બાપુનો જન્મદિવસ તારીખ પ્રમાણે બીજી ઓક્ટોબર આવે અને તિથિ પ્રમાણે ભાદરવા વદ બારશે આવે.

તા. ૨ ઓક્ટોબર, ૧૯૪૮ના રોજ અમે વહેલી સવારે પ્રાર્થના માટે ઊઠ્યાં. એક પછી એક અમે બાપુજીને પગે લાગ્યાં.

મેં હસતાં હસતાં બાપુને કહ્યું કે આ તો ક્યાંનો ન્યાય? અમારા જન્મદિવસે અમે બધાંને પગે લાગીએ અને આતો ઊલટું તમારા જન્મદિવસે અમારે તમોને પ્રણામ કરવા પડે!

બાપુ કહે, 'હા, મહાત્મા માટે હંમેશાં ઊંધો નિયમ હોય છે. તમે બધાંએ મને મહાત્મા બનાવી દીધો છેને?'

બાપુજીને આ દિવસોમાં ઉધરસ, તાવ, શરદી વગેરે હતું. છતાં પણ પ્રાર્થના પછી સૂઈ ન રહેતાં રોજની ટપાલનું અને હરિજનબંધુના લેખો લખવાના કામે ચડ્યા. ડોક્ટરોએ બાપુજીને દવા લેવાનું કહ્યું. પણ બાપુ કહે કે મારે રામનામ હૃદયસ્થ થઈ જાય તો મારી ઉધરસ કાલે જ ચાલી જાય તેમ છે. જો એ લાંબી ચાલશે તો આખા જગતને હું કહેવા તૈયાર છું કે 'મારું રામનામ ખોટું.'

રામનામ શ્રદ્ધાપૂર્વક લેવાનું હોય તો તો આખી દુનિયામાં કોઇ માંદું પડે જ નહિ. વળી, અહીંના ડોક્ટર લોકો કોઇ દવા અહીં બનાવતા જ નથી. બહાર બનાવેલી દવાઓ જ અહીંના ડોક્ટરો ખરીદશે. હિંદુસ્તાનને કુદરતે ઘણું આપ્યું છે, છતાં બહારથી બનાવેલી દવાઓ લાવીને અહીંયાં આપે છે.

હિંદુસ્તાન દેશ માટે મને ઘણું લાગી આવે છે. મેં ઘણું કર્યું છે. હવે કશું કરવાની ઇચ્છા નથી. હવે તો આ દુનિયામાંથી અલોપ થઇ જાઉં. અને તે રામ...રામ કરતો કરતો, રામનામમાં ભરેલા રહસ્ય અંગે હું કોઇને સમજાવી નથી શકતો. એટલી મારી આવડત ઓછી. આજે તો હું નીંભાડામાં બેઠો છું. ચારેતરફથી અગ્નિ પ્રગટ્યો છે. તમે બધા ડોક્ટર જેમ સાયન્સના શોધનારા છો તેવી જ રીતે હું રામનામને શોધનારો



છું. એને ખોળી નહિ શકું તો ખોળતાં ખોળતાં મરી જઇશ. હવે હું તો ઇચ્છું  છું કે આવતી રેંટિયા બારશે હું આ અગ્નિ જોવા જીવતો ન હોઉં. અથવા તો હિંદુસ્તાન ફર્યું હશે.

ગયા વરસની બીજી ઓક્ટોબરે સવારે સાડા પાંચ વાગ્યે બાપુએ આ શબ્દો ઉચ્ચાર્યા હતા. રામનામ ખોળતાં ખોળતાં બાપુ તો ગયા.

પ્રાર્થનામાં તેમ જ બાપુને શુભેચ્છા કહેવા અનેક લોકો આવ્યા, આખો ઓરડો ભરાઇ ગયો. સર્વ ધર્મની પ્રાર્થના બાદ વીખરાયા અને બાપુજીને ઉધરસ ચડી. એટલે એક ભાઇએ બાપુને કહ્યું કે બાપુજી આપને ઉધરસ તો ન મટી.

બાપુ કહે, રામ હશે તો મટશે. બાકી હવે હું સવાસો વર્ષ જીવવા નથી માગતો. તમારે પણ આજે એ જ પ્રાર્થના કરવી જોઇએ કે હે ઇશ્વર, આ બુઢ્ઢાને આવા દાવાનળમાંથી લઇ લે. બ્રિટિશરો સાથેની આટલી બધી લાંબી લડાઇમાં હું કદી નાસીપાસ બન્યો ન હતો. પણ આજે ઘરની વાત ક્યાં કરીએ? ભાઇઓ ભાઇઓને મારવા પ્રયત્ન કરે છે. એ જોવા હું નથી જીવવા માગતો.

બાપુજીને પ્રણામ કરવા ઘણા લોકો આવ્યા. બાપુજીના પગ પાસે રૂપિયાનો ઢગલો તો થઇ ગયો હતો. રાતે રેડિયાનો સુંદર કાર્યક્રમ હતો. મેં બાપુજીને કહ્યું, આજે તો આપ રેડિયો સાંભળો. પણ બાપુ કહે કે એ રેડિયોનાં ભજનો સાંભળવા કરતાં રેંટિયાનું સંગીત ન સાંભળીએ? લગભગ એક હજાર ઉપરાંત, તાર દેશ પરદેશથી આવ્યા હતા.

તે દિવસે દિલ્હીના ગુજરાતી ભાઈઓએ ભેગા મળી એક ફંડ કર્યું હતું. બાપુજીની તબિયત સારી ન હતી. સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું,'આવી ઉધરસ છતાં શા માટે ગુજરાતીઓની મિટિંગમાં જવાનું કહ્યું. પણ તમે તો એવા લાલચુ છો કે ખબર પડે કે ફલાણી જગ્યાએથી પૈસા મળશે, એટલે તો તમે મરવા પડ્યા હશો તોયે જશો. આમ ઠો ઠો કરતા જવાની શી જરૂર? પણ તમે મારું નહીં ગણકારો.'

સરદારે ઉમેર્યું કે બાપુ તો વાણિયા છે અને વાણિયા લોભિયા હોય. આટલી સખત ઉધરસ અને નબળાઇ પણ તમને ધૂતવા માટે તો તેમને શક્તિ આવી ગઇ છે.

માણસે રોજ પોતાની જાતને પૂછવું જોઈએ, મારો કમાયેલો પ્રત્યેક રૂપિયો સુખમાં રૂપાંતર પામે છે ખરો?

—મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# Maa and Maa alone, a sole protector in life.

Bindiya Bhakta

Jai Krupalu Maa. Thank you Pujya Maa for being with me at all times during the process of my wedding. I felt so blessed to have your support and throughout every second of my journey towards my wedding. It is so hard for me to explain to others how I know without a doubt that you were watching over me and making sure I was okay throughout each step of my wedding.

A week before my wedding Vinod Uncle called my parents. It was at this time it finally hit me that I was actually going to leave my parents' home in a few days. This worried me and I began asking myself many questions. I began to worry: Who will watchover them? Who will take care of them? Who will wake up in the middle of the night to make sure they are okay and that customer or no stranger is bothering them? Will they be safe? Will they call me if they need me? Will they be sad that they are alone? I began crying to Swatiben because I was sad for them.

Just as these questions crossed my mind, P.Maa, you had Vinod Uncle call and ask my parents if they were free to come to Pennsylvania (which is where you were–Van Vishram). When I found out that you had invited them, I began to cry but they were tears of joy because I felt as if you were letting me know that P.Maa is the one who will take care of mom and dad. P.Maa is the one who will watch over them and make sure they are safe. My worries soon began to fade as I realized my parents have God, they will be fine without me living with them. They will forever be protected and supported and loved by P.Maa. I could not ask for anything more than God's love, support, and protection for my parents.

P.Maa. thank you for allowing them to come to Van Vishram. I could not be more happier to know that they will be surrounded by you and your holy powers. Thank you for worrying about me and my parents and thank you for reminding me that I do not need to worry about anything when I know we have you.

I always wanted to receive your blessing for Janak and my wedding. I prayed many times to receive your blessings, and for you to shower us



with love and protection so that our marriage would be so strong and for us to be blessed enough that we would always live happily together. The night before my wedding, I received a basket of flowers and a wedding card from you. Oh how I began to cry at the site of these beautiful gifts from you. I could not belive that you took time out of your busy schedule to let me know that you had blessed us. I will cherish that moment all of my life. I know nothing will ever go wrong in my life because we have your blessings. Thank you so much for that P.Maa.

My wedding was held at shree Ramkabir Mandir in Carson. During my wedding ceremony, we had our mandap set up so that P.Maa's swarup was straight across from us. During the whole ceremony, I was able to have P.Maa's darshan at any given time. I was at such peace during my wedding that I could never imaagine possible. Usually a bridge and her parents are always running around stressed out hoping nothing bad happens during the wedding....however since I had your blessings my parents nor I were one bit stressed. We were so peaceful that it was hard to explain. It felt that this wedding was meant to be and happen in such a peaceful and blessing filled way.

P.Maa I know that because of your blessing my wedding went so smoothly. Thank you.

Maa you were a part of Janak and my wedding ceremony at many times. I truly cherish each and every blessing and prashadi you give me and I wanted to share with you some specific time you were apart of my wedding.

A long time ago when I was a little girl you gave me a quarter as a the LAX airport. My dad saved this prashadi and recently gave it to me to keep. I used this money you had given me as the laxmi I took with me when I walked down the aisle because I wanted that laxmi you had given me to be with me as I get married.

When I came to Swargarohan this last December, P.Maa you had given me a Rakshamam Shall. I made sure that this Rakshamam Shall was used to cover Janak and my hands during the Hasta Melap portion of my wedding because I wanted P.Maa and Prabhu to protect Janak and I at all times in our marriage. Thank you for this opportunity to receive your blessings as well,

When I came to Canada to Van Vishram, P.Maa you had sent a sesame candy cracker downstairs for me when I was working on the



Chinmay article with Arpitaben. I saved a piece of the prasad you sent and took it to my wedding. During the wedding ceremony the Brahman asked my parents to bring the methai(sweets) out so Janak and I can share our first meal together as husband and wife, however, ironically my parents forget it. We had no sweets in the mandap with as husbad and wife, however, ironically my parents forgot it. We had no sweets in the mandap with us. My dad suddenly remember that he prashad P.Maa had given me in his pocket How amazing was it that prashad P.Maa had given me in canada ended up being Janak and my first meal together as a married couple. I feel that this also happened because of P.Maa’s blessings and desires. Thank you Maa for allowing our first meal to be your prashadi!

Pujya Maa and Prabhu, may you always be the bright light shining happiness in our lives, may you always be with us no matter where we are, may you always protect us and support us, may you always bless us and may you always keep us at your lotus feet.

# મહાત્મા યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા

—ડૉ. અરૂણિકા દરૂ

(પ.પૂ. મહાત્મા યોગેશ્વરજીના ૯૦ મા જન્મદિન ૧૫ ઓગસ્ટ, ૨૦૧૧ થી તેઓશ્રીની સંક્ષિપ્ત જીવનકથા વિદુષી ડો. શ્રીમતી અરૂણિકાબેન દરૂએ લખી છે તે અધ્યાત્મના નવા વાંચકોને ઉપયોગી થશે, તે ભાવથી અત્રે હપ્તાથી રજુ કરવામાં આવી રહી છે. તે વાંચકોને ગમશે—એ આશા છે. —તંત્રી)

## શ્રી યોગેશ્વરજીનું કથાનક (સંક્ષિપ્ત જીવન ચરિત્ર)

### અલૌકિક અનુભવ

વડોદરાની લોહાણા બોર્ડિંગના મકાનના માળિયામાં સોળેક વર્ષનો એક યુવાન બેઠો છે. એની આંખમાં અનોખું તેજ છે. સૂર્યાસ્તનો સમય છે. માળિયાની નાનકડી બારીમાંથી બહાર ખુલ્લું આકાશ દેખાય છે. બહાર અંધારું ફેલાયું છે. યુવકને તેની ટેવ મુજબ ધ્યાન ધરવાનું મન થાય છે. થોડીવાર તે ધ્યાનમાં બેસે છે. મન શાંત થાય છે તે પછી તે પ્રાર્થના કરે છે. ધ્યાન અને પ્રાર્થનાની તેણે છેલ્લા થોડા સમયથી ટેવ પાડી છે એટલે એમાં તેને સ્વાભાવિક આનંદ આવે છે. યુવક આંખો ખોલે છે. કશુંક અકલ્પ્ય દૃશ્ય જોઇ આશ્ચર્યચકિત થઇ જાય છે. ભ્રમ તો નથી થયોને! માની આંખો ચોળે છે. ફરીથી આંખો બંધ કરીને ખોલે છે. ફરીથી એ જ દૃશ્ય દેખી સાનંદાશ્ચર્ય અનુભવે છે.

એ યુવકે શું જોયું? ચારે તરફ અંધકારને સ્થાને માળિયામાં



ચારે તરફ પ્રકાશ ફેલાયો છે. એ પ્રકાશની વચ્ચે એક સુંદર તેજસ્વી મૂર્તિનું દર્શન થાય છે. ચિત્રોમાં જોયેલી એ પરિચિત મૂર્તિ ધ્યાનસ્થ બુદ્ધ ભગવાનની છે તે વાત એ યુવકને સમજાય છે. પાંચેક મિનિટ સુધી ભગવાન બુદ્ધના તેજોમય સ્વરૂપનાં દર્શન કરી એ યુવક ધન્ય થઇ જાય છે. એ તેજસ્વી મૂર્તિના વિશાળ વક્ષસ્થળ પર રૂપેરી અક્ષરોમાં એક એક અક્ષર લખાય છે અને અદૃશ્ય થાય છે. એ રીતે કુલ પાંચ અક્ષરો ક્રમશઃ પ્રગટ થાય છે અને 'યુગાવતાર' શબ્દ યુવકની નજરે પડે છે. ધીમે ધીમે મૂર્તિનું સ્વરૂપ ઝાંખું થતાં થતાં અદૃશ્ય થઇ જાય છે. ઇ.સ. ૧૯૩૭ ના વર્ષમાં જે યુવકે ઉપર દર્શાવેલ દિવ્યદર્શન કર્યું, તે યુવક તે યુગાવતાર પ્રભુ શ્રી યોગેશ્વરજી.

### જન્મ અને ઉછેર

શ્રી યોગેશ્વરજીનું મૂળ નામ તો હતું ભાઇલાલ મણિલાલ ભટ્ટ. ઇ.સ. ૧૯૨૧ ના ૧૫ મી ઓગસ્ટે માતા જડાવબેનની કૂખે તેમનો જન્મ (શ્રાવણ સુદ બારસ ને સોમવારે સવારે) માતાપિતાનું ભણતર સાધારણ. આર્થિક સ્થિતિ પણ સાવ સાધારણ. અમદાવાદ અને ધોળકાની વચ્ચે સાબરમતીના તટ પર વસેલા નાના સરોડા ગામમાં તેમના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે. સ્વભાવે સંતોષી અને ઇશ્વર પર શ્રદ્ધા તેથી બધી પરિસ્થિતિમાં પ્રસન્નતાથી જીવતા હતા. પિતા સદ્‌ગુણી અને પ્રામાણિક. માતાજી જડાવબેન પણ ધાર્મિક વૃત્તિના હતાં તેમને સાસરિયાં સતાવતાં છતાં ધીરજથી સહન કરતાં. તેઓ સંતોષી અને શ્રદ્ધાળુ હતાં. એવા કુટુંબમાં જન્મવામાં ભાઇલાલને ઇશ્વર કૃપાનો અનુભવ થતો. ખેડૂતને ઘરે જન્મ થયો તેથી તેમને બે લાભ થયા. એક તો કુદરત પ્રત્યે સહજ પ્રેમ પેદા થયો અને

બીજો લાભ ખેડૂતનો સ્વાવલંબનનો ગુણ શરૂઆતથી જ જીવનમાં આવી મળ્યો. સાદાઇ, સંયમ અને ઇશ્વરપરાયણતાના ગુણો પણ તેમને વારસામાં જ મળ્યા.

તેમની નવ વર્ષની ઉંમરે તેમણે તેમના પિતાજીની છત્રછાયા ખોઇ. ત્યારે ગુજરાતી ચોથા ધોરણમાં તેઓ ભણતા હતા. તેમના માતાના ભાઇ મુંબઇમાં કોઇ શેઠને ત્યાં નોકરી કરી. તે સ્થળની પાસે જ અનાથ આશ્રમ હતો. જડાવબેને નવ વર્ષના ભાઇલાલને ભણવા માટે અનાથ આશ્રમમાં મૂક્યો. આ આશ્રમમાં ભાઇલાલનું ખરું ઘડતર થયું. વહેલા ઊઠવાની ટેવ પડી. કપડાં હાથે ધોવાનો પણ અભ્યાસ થયો. સંસ્થામાં ચિત્ર, સંગીત, દરજીકામ વગેરેની તાલીમ આપવામાં આવતી. આ કિશોરનું મુખ્ય ધ્યાન ભણવામાં રહેતું હતું વાર્ષિકોત્સવ વખતે નાટકમાં ભાગ લેતા. ઇનામ પણ મેળવેલાં. ત્યાં સ્વચ્છતાના આકરા નિયમોનું પાલન કરવાનું રહેતું. શ્રી યોગેશ્વરજીના જીવનમાં આશ્રમજીવનનાં આ વર્ષો ઘણાં મહત્ત્વનાં બની રહ્યાં. સ્વચ્છતા—આંતર બાહ્ય બન્ને પ્રકારની—ની તાલીમ મળી. નિયમિત કરસત કરવી પડતી. શરૂઆતમાં રસ નહતો પડ્યો પણ મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવનચરિત્ર 'ઝંડાધારી'ના વાચને, તથા લોકમાન્ય તિલકના જીવનપ્રસંગના વાચને શરીરને સુદૃઢ તથા નીરોગી બનાવવાનું મહત્ત્વ સમજાયું. યોગીઓના જીવન વાંચવાથી યોગી બનવાની ઇચ્છા થઇ એટલે દંડ, બેઠક સૂર્યનમસ્કાર અને શીર્ષાસન ખૂબ ઉત્સાહથી કરવા માંડ્યા. તેથી કસરત પ્રત્યેની તેમની ઉદાસીનતા કાયમ માટે દૂર થઇ. કસરત પ્રત્યેનો પ્રેમ વધતો ગયો તેથી તનમન ઉભયને લાભ થયો. નજીકના ભવિષ્યમાં યુવાનવયે હિમાલયમાં



એકાંતવાસ દરમ્યાન આ કેળવણી તેમને માટે ખરે જ અત્યંત લાભદાયી નીવડી. સ્વાવલંબન, નિર્ભયતા, કસરત પ્રત્યેની રુચિ, કુદરતનું આકર્ષણ, આંતરબાહ્ય શુચિતાનો આગ્રહ, સર્વ પ્રાણીમાત્ર પ્રત્યેનો પ્રેમભાવ, દુઃખના સમયે પ્રાર્થનાની ટેવ—આ બધા ગુણોએ ભાવિમાં હિમાલયની ભૂમિમાં તેમના નિવાસને શક્ય બનાવ્યો, સફળ બનાવ્યો.

## ત્રિવિધ વિકાસને માર્ગે

જીવનઘડતરની યથાર્થ સમજ પૂરી પાડવામાં એક તરફ ગીતાના અભ્યાસે મદદ કરી તો બીજી તરફ તેમની આંતરનિરીક્ષણની ટેવે તેમને મદદ કરી. આ ટેવને કારણે સજાગ અને સાવધ રહી સદ્‌ગુણોને કેળવવા તેમણે પ્રયાસ કર્યો. રોજનીશી લખવાની તેમની ટેવ તે કામમાં અત્યંત મદદરૂપ થઇ પડી.

તે અરસમાં શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવન પ્રસંગો તેમના વાંચવામાં આવ્યા. તે વાંચને પરમાત્મા પ્રાપ્તિ માટેના તેમના મૂળ વિચારને દૃઢ કર્યો. આદર્શ સંત બનવું, ઇશ્વરના પૂર્ણ કૃપાપાત્ર થવું—એવો ભાવ દૃઢ થયો તેની સાથે હૃદયની શુદ્ધિ, મન તથા ઇન્દ્રિયોનો સંયમ અને પ્રબળ ભક્તિભાવની આવશ્યક્તા સમજાઇ અને કિશોરાવસ્થાથી જીવનની આધ્યાત્મિક ઉન્નતિની દિશામાં પ્રયાણ શરૂ થયું તેથી જીવનનો ક્રમ બદલાઇ ગયો. તેમણે દિવસનો મોટો ભાગ વિદ્યાર્થીઓથી દૂર એકાંતમાં ગાળવા માંડ્યો. બપોર સુધી શાળામાં પછી હેન્ગિંગ ગાર્ડન પર કોઇ વૃક્ષની છાયામાં જીવનઘડતરની વાતો તેમણે વિચારવા માંડી. શાળાનો અભ્યાસ ચાલુ હતો સાથે વ્યક્તિગત જીવનવિકાસનો અભ્યાસ પણ ચાલુ જ હતો.

રાત્રીના એકાંતમાં પણ સાધના તથા પ્રાર્થના કરી શકાય તે માટે તેમણે પોતાના સૂવાનું સ્થાન બદલ્યું. અન્ય વિદ્યાર્થીઓ એકસાથે હોલમાં સૂતા, ત્યારે આ કિશોર નિર્ભયતાથી ઉપરની અગાસીમાં એકલો સૂઇ રહેતો. એક સારા વિદ્યાર્થી તરીકે શાળામાં તેમની છાપ હોવાને કારણે ગૃહપતિએ તેને મંજૂરી આપેલી. રાત્રે એક વાગ્યે ઊઠી પ્રભુપ્રાર્થના કરતા. પથારીમાં બેસી ધ્યાન કરતા. તેથી મનને શાંતિ મળતી. આશ્રમના નિયમાનુસાર સાંજના છ વાગ્યે જમી, નવ વાગ્યે સૂઇ જતા, તેથી રાત્રે ઊઠવામાં તકલીફ થતી નહીં. આમ સતત જાગૃત રહી તેમણે શરીર અને મનને વ્યવસ્થીત રીતે કેળવવા માંડ્યા. અલબત્ત એ અંગેની એમની સમજ સારા વાચન મનનને આભારી હતી. શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક એમ ત્રિવિધ વિકાસને માર્ગે તેમની ગતિ રહી. કિશોર ભાઇલાલની યુગપુરુષ યોગેશ્વર થવા તરફની આ સમજપૂર્વકની, અભ્યાસપૂર્વકની ગતિ હતી.

ગૃહપતિની આજ્ઞાથી એક બેનને તેમના અભ્યાસમાં મદદ કરવા તેમના ઘરે રાત્રે જવાની યોગેશ્વરજીને ફરજ પડી. ત્યારે યોગેશ્વરજીની ઉંમર લગભગ સોળેક વર્ષની. જીવનની શુદ્ધિની સાધનામાં યોગેશ્વરજીને રસ એટલે એકાંતમાં સુંદર કન્યા સાથે કલાકો ગાળવા છતાં હૃદયની શુદ્ધિ અકબંધ રહી. ઇશ્વરકૃપાએ તેમને એ સંજોગોમાં નવીન બળ અર્પ્યું અને એ પરિચય ખૂબ જ મંગલકારક સાબિત થયો. જીવનની પાઠશાળાનો આ એક નવો અભ્યાસક્રમ હતો. નવી તાલીમ હતી અને પરીક્ષા પણ નવી જ હતી, છતાં સતત મા જગદંબાના વિચારોમાં રત યોગેશ્વરજીનો એ કાળ પવિત્રતાથી પસાર થઇ ગયો. શરીરસુખમાં ફસાઇ ઇન્દ્રિયોના અલ્પજીવી આનંદમાં ડૂબી જવાને બદલે તેમણે સાચા



દિલથી સમજપૂર્વક પ્રયાસ કરીને જીવનને આત્મોન્નતિના અનુભવમાર્ગે આગળ વધાર્યું સાથે મેટ્રિકની પરીક્ષી પણ પાસ કરી. સંસ્થાની વિદાય લઇ તેમણે સત્તર વર્ષની વયે મુંબઇમાં જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં પ્રવેશ મેળવ્યો અને વિલ્સન કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો. પણ મધરાતે ઝાડ નીચે અંધારામાં ધ્યાન ધરવાનું કાર્ય નિયમિત રીતે ચાલતું. અઠવાડિયે એક વાર મૌન વ્રતનું પાલન કરતા. થોડો વખત યોગાશ્રમમાં પણ ગયા હતા. અલબત્ત યોગસાધના તો તેમની જીવનભર ચાલુ જ રહી હતી. કોલેજના પ્રથમ વર્ષ દરમ્યાન મહાત્મા ગાંધીજીના દર્શનનો પણ લાભ મળ્યો. તેમના દર્શનની તેમના પર ઘણી ભારે અસર થઇ. દેશને સ્વતંત્રતા મળે તે માટે, તે પછીના વર્ષોમાં હિમાલયમાં રહી સાધના કરતાં કરતાં યોગેશ્વરજીએ ઇશ્વરને સતત પ્રાર્થના કરેલી. એમના આધ્યાત્મિક જીવનની અભિપ્સામાં દેશપ્રીત અંતર્નિહિત હતી.

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પ.પૂ. મહાત્મા યોગેશ્વરજીનો ૯૦મો જન્મદિન

શ્રી નારાયણ હ. જાની

તા. ૧૫મી ઓગસ્ટએ પૂ.મહાત્માની યોગેશ્વરજીનો નેવુમો જન્મદિન. ભારતનો સ્વાતંત્ર દિન પણ એ જ છે, તો યોગીશ્રી અરવિંદ અને ભારતના માજી વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીનો પણ એ જ જન્મદિન. આમ ઐતિહાસિક આ તારીખ ભારે ઐતિહાસિક મહત્વ ધરાવે છે. કિન્તુ શ્રી યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરી પરિવારો માટે તે એક આધ્યાત્મિક વિશેષતા ધરાવતું પર્વ છે. કારણ કે પૂ.શ્રીના પ્રાગટ્યથી આ દુનિયાના અનેક માનવોના જીવનમાં આધ્યાત્મિક પ્રકાશ પથરાયો છે અને તેઓનાં જીવનમાં ભારે ભૌતિકતા વચ્ચે પણ આત્મિક જ્યોતિ પ્રજ્વલિત થઇ છે. એથી હે મહાપ્રભુ, આજના મંગલ પ્રભાતે અમે સહુ આપનાં શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ કરી અમારી કૃતાજ્ઞતા અભિવ્યક્ત કરીએ છીએ. તો અમારી તે વંદના સ્વીકારશો.

આપે ખૂબ કષ્ટો વેઠી હિમાલયમાં વસી જે કઠોર તપ અને સાધના કરી આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરી, તેનું નવનીત અમને આપનાં પ્રવચનો ને પુસ્તકો દ્વારા પ્રાપ્ત થયું છે. તે અત્યારે અમારાં, પ્રેરણા સ્રોત છે.

આપની સાધના અમે પ્રત્યક્ષ જોઇ છે, એથી અમને સાચી સમજ પ્રાપ્ત થઇ છે.



આપ ખરે જ, આત્મિક અનુભવ સંપન્ન માતૃભક્ત મહામાનવ હતા, અને આપે અમને સૌથી મોટી એ શીખ ધરી કે સાધક કે ભક્ત ભલે બનો, પણ કદી માનવ ના મટી જતા. માનવ સહજ કરૂણા, આર્દ્રતા ને સંવેદનશીલતા ના ગુમાવતા. કોઇ પણ પ્રાણીઓ કે માનવોનાં દુ:ખો નિવારવા સદાય જાગ્રત ને પ્રયત્નશીલ રહેજો. અભાવગ્રસ્તોને, દીન દુ:ખીઓ પ્રત્યે અનુકંપા ધરાવજો.

આ બધી વાતો આપે આપના પ્રત્યક્ષ આચરણથી અમને શીખવી. પોતાની વિધવા માતાના ઋણને સદાય યાદ રાખી. પોતાની સાથે હિમાલયમાં ને વિદેશ યાત્રાઓમાં રાખ્યા ને તેમની અંતિમ ક્ષણ સુધી સેવા કરી. આ દ્વારા આપે માતૃભક્તિનો મહિમા ગાયો, ને સાથે સાથે એ પણ સૂચવ્યું કે જો સાધકની દૃષ્ટિ પવિત્ર હોય તો સ્ત્રી સાધનામાં બાધક નહીં પણ સહાયક બને છે. આમ પોતાની માતાને સાધનાનાં સાક્ષી બનાવી જીવનમાં બત્રીસ વર્ષ સુધી એટલે ઓકટોબર ૧૯૭૮માં અંતિમ વિદાય સુધી સાથે રાખ્યાં ને સેવા કરી. માતાજીને સાથે રાખવા આપે બહારના સંન્યાસની આશ્યકતા ના જોઇ. ભગવું કપ્ડું સંન્યાસ સૂચક હોઇ આપે તેનો કદી અનાદર ન કર્યો, છતાં બહારનાં ત્યાગ કરતાં અંદરના ત્યાગને મહત્વ આપ્યું, આધ્યાત્મિકતામાં કપ્ડું બદલવા કરતાં મન બદલવું ખૂબ જરૂરી એ વાત સમજાવી.

ત્યાગી હોવા છતાં આપે કદી મેલું કે અવ્યસ્થિત કપ્ડું ના પહેર્યું. ત્યાગી માનવે પણ પરિગ્રહ સિવાય સુઘડ અને સ્વચ્છ તો રહેવું જોઇએ, એ વાત પોતાના જીવનમાં આપે આચરી બતાવી, વિદેશના પ્રવાસમાં માત્ર ત્રણ ચાર જોડી કપડાં સિવાય કદી વધારે ના રાખ્યાં પરદેશની મોંઘી ભેટો કે આશ્રમ

સ્થાપવાનાં પ્રલોભનો તમને કદી ડગાવી ના શક્યાં. મહાસિદ્ધ બન્યા પછી પણ જીવનનાં પાછલાં ૨૫ વર્ષ આપ સહજ માનવ બની વિચર્યા. કોઇ વિશેષ પદ કે પ્રતિષ્ઠા ભર્યું આસન ના સ્વીકાર્યું.

સ્વાસ્થ્ય જાળવણી માટે, વ્યાયામ અને યોગાસનો નું મહત્ત્વ સમજાવવા આપ જીવનનાં છેલ્લા દિન ૧૮,માર્ચ ૧૯૮૪ની સવાર સુધી તે કરતા રહ્યા. આપ કહેતા કે શરીરને લાડ ના લડાવીએ પણ સાધના માટે તેની તંદુરસ્તી આવશ્યક હોઇ, તેને સ્વસ્થ ને સુદૃઢ રાખવું ખૂબ જરૂરી છે. તેની ઉપેક્ષા ના થાય, તે જોવું જરૂરી છે.

સાધનાકાળમાં ભોજન માટે કદી ભિક્ષા ના માગી. ભૂખનું દુઃખ વેઠ્યું. જાતે આવડે તેવું કાચું પાકુ બનાવી ખાધું, છતાં જીભના સ્વાદના કદી ગુલામ ના બન્યા.આપનો આહાર સદાય સાત્ત્વિક ને મીતાહાર રહ્યો.

પ્રભુના માર્ગે જવા માટે સાધના પંથે જવા ઇચ્છાતા ભાઇઓને આપ કહેતા કે—સંપૂર્ણ ત્યાગ અઘરો છે. જે માણસ પાસે આધ્યાત્મિક સાધનાની સ્પષ્ટ સમજ ન હોય કે ચોક્કસ સમયપત્રક ના હોય, તે થોડા સમયમાંજ કંટાળી જાય છે પછી સમય વેડફે છે ને રમતારામ બની જાય છે. એટલે સંપૂર્ણ ત્યાગ પહેલાં સંસારમાં રહી શરીર અને મનને પૂરી તાલીમ આપવી જરૂરી છે. વળી સાધક આર્થિક રીતે સ્વાલંબી હોય તો તે ઉત્તમ વસ્તુ છે, તેનાથી સ્વમાનપૂર્વક જીવી, સાધનારત રહી શકાય છે. બેનો માટે તેઓએ ઘર ત્યાગની કદી ભલામણ કરી નથી, સિવાય કે કોઇ આશ્રમમાં સુરક્ષિત રહી સાધના કરી શકાય એમ હોય. કારણ કે બેનો માટે જાતની સુરક્ષિતા એ મહત્વની ને



પ્રાથમિક આવશ્યકતા છે. એટલે ઉચ્ચ આધ્યાત્મિક સંસ્કારવાળી બહેનોને અંતરનો ત્યાગ પ્રબળ કરી, પ્રભુને પ્રાર્થના કરતાં રહેવું. જે આગળનો માર્ગ કંડાળી આપે, આપના આ ઉપદેશને ગ્રહણ કરી, ઘણી બહેનોનાં જીવન બચ્યાં છે.

પૂ.શ્રીના પરિચયમાં આવ્યા પછી અમે એવી ઘણી યુવાન દીકરીઓ જોઇ, જેમણે ઘરમાં રહીને પણ સરસ સાધના કરી આત્મિક વિકાસ સાધ્યો છે અને આજે પણ પૂ.ગુરુદેવ તેમના હૃદયમાં એટલાજ સક્રિય દેખાયા છે.

સાધના સાથે માનવ સેવાને પણ એટલું જ પ્રધાન્ય આપી, હે ગુરુદેવ આપે અમને સાચા માનવ જીવનનો ઉદ્દેશ સમજાવી, અમારા ઉપર જે ઉપકાર કર્યો છે, તેનું ઋણ અમે શી રીતે અદા કરી શકીએ? એટલે આપને અંતરથી પાર્થીએ છીએ કે હે પ્રભુ વરદ હસ્ત સદા તમારો, સદાય રહેજો જીવન સહારો. અમારા અંતરમાં આપે આપેલ આધ્યાત્મિક શીખની જ્યોત્—અખંડ પ્રજ્વલિત રહે એજ પ્રાર્થના.

(ક્રમશઃ)

જેમ વૃક્ષો પોતાને પાણીઆદિથી પોષનારા ને કુવાડાથી છેદનાર મનુષ્યને પણ પુષ્પો અને ફળો સમાનરીતે આપે છે તેમ સંતપુરુષો પોતાના પ્રતિ સારી રીતે ઉપકાર કરનારા અને અપકાર કરનારાપ્રત્યે પણ સમાનભાવથી વર્તે છે. અનુકૂલ વર્તનારપ્રત્યે રાગ ને પ્રતિકૂલ વર્તનારપ્રત્યે દ્વેષ કરતા નથી, પણ બંનેનું હિત થાય તેમ વર્તે છે.

# પ.પૂ.માની સંનિધિમાં યોજાયેલ ઓઝાનાની શિબિર

-ઈશ્વરભાઈ પ્ર. ભક્ત

(આજથી લગભગ પંદર વર્ષ પહેલાં અમેરિકાના ઓઝાના જેવા નાના શહેરમાં અનેક લોકોને આમંત્રિત કરી તેમને વિમાન ઘરેથી તેડી લાવવા, ઉતારવા, જમાડવા, ને રાખીને પાછા ફરવા માટેની વ્યવસ્થા કરી દેવી, અને તે પણ દસ દિવસની શિબિર માટે. એક પણ પાઈપૈસો લીધા વિના એ કેટલું અઘરું હતું, તેનો ખ્યાલ પૂ.શ્રી પરમાર્થીના આ લેખ પરથી આપણને સમજાય છે. સંસારીઓને કેવળ આધ્યાત્મિક લાભ પહોચાડવા જ શિબિરનું આયોજન પૂ.મા પ્રત્યેના શ્રદ્ધા ભક્તિને લીધે જ જગદીપભાઈએ આ કર્યું.

શ્રી પરમાર્થીનો આ લેખ અમને આજે (તા.૨૮.૭.૧૧)ના રોજ પૂ.મા તરફથી મળ્યો તે અમેરિકાથી મોકલાયો છે. આ લેખ વાચતાં જે સહજ પ્રતિભાવ જાગ્યા તે કંઇ આવા છે.

૧.શ્રી પરમાર્થીની ખોટ આજે વિશેષરૂપે અનુભવાય છે. તે વખતે પૂ.માને સમજવામાં તે ખૂબ મદદરૂપ થતી.

૨.પૂ.માની આંતરિક પ્રબળ આત્મિક શક્તિનો ખ્યાલ પૂ.શ્રી પરમાર્થીને હતો તે જાણવા મળે છે.

૩.પૂ.માની વ્યવસ્થા શક્તિ કામોનું સંકલન કરી તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવી ને તે પાર પડે તે જોવું.

૪. પૂ. મા જેવા સંતની સંનિધિમાં આવી શિબિરની ઉપયોગિતા.



૫. નવરાત્રિ જેવા તહેવારોમાં ગરબાઓમાં નિર્દોષ આનંદપૂર્ણ પવિત્રતા સાથે ભારતીય પરંપરા જળવાયે તે જોવું.

૬. શ્રી જગદીપભાઇ ને શ્રી નયનાબહેનની ઉદારતા ને પૂ.મા પ્રત્યેનું સમર્પણ.

શ્રી પરમાર્થીનો આ લેખ મોકલવા માટે અમે પૂ. માના આભારી છીએ.) **—તંત્ર**

ઓઝાના શિબિરની ચિરંજીવી છાપ પૂ.મા સર્વેશ્વરી ભલે જન્મ્યાં હોય શ્રી રામકબીર સંપ્રદાયમાં, પણ તેઓ સાંપ્રદાયિકતાંથી પર છે. તેમનું વ્યકિત્ત્વ કોઇ પણ સીમામાં બધ્ધ નથી. તેમનુ ચૈતન્ય પ્રભુમયતાના પારાવારમાં એકરૂપ છે. તે સ્વરૂપ જ અસીમ ગણાય છે. યુવાન વયે જ સાંપ્રદાયિકતાનું સુંવાળું કોચલું તોડીને તેમણે અનંતની માધુરી પ્રાપ્ત કરી છે. તેમના વ્યક્તિત્વમાં દૈવી તત્ત્વનો પ્રકાશ ઝગમગે છે. તેમનાં અલૌકિક વ્યક્તિત્વની અનુપમ સુગંધ ઓઝાના શિબિરમાં સૌ કોઇએ માણી. એટલું જ નહીં પણ દૂન્યવી વ્યવહારિક સ્થૂળતામાં બદ્ધ પ્રાણોને ઢંઢોળીને જગાડતાં હોય તેમ પૂ.મા સર્વેશ્વરીનાં વાત્સલ્યનો વિમલ સ્પર્શ પણ કેટલાંક સદ્ભાગીઓએ અનુભવ્યો. ઉર્ધ્વગામી બનવાના કોડ તેઓનાં અંતઃકરણમાં અંકુરિત થયા. જો આવી બે ચાર શિબિર તેઓના પોષણ ને સંવર્ધન માટે યોજાય તો જરૂર તેઓનું કલ્યાણ થાય એવી આશા જન્મી.

એમ તો ઓઝાના અમેરિકાના ટેક્ષાસ સ્ટેટનું એક આવ સામાન્ય નાનું ગામ ગણાય. માંડ ત્રણ હજારની વસ્તી હશે. બજારની કોઇ વિશેષ સુવિધાનો ત્યાં અભાવ. નાની ચીજ માટે પણ દૂર સુધી દોડતા જવું પડે. છતાં તેવી અગવડતાને સગવડતામાં ફેરવી નાંખવાની કળા પૂ.મા સર્વેશ્વરીમાં હતી તેનો

શિબિરમાં સૌને સાક્ષાત્કાર થયો હતો. ચિ.જગદીપ અને અ.સૌ. નયનાનું જોડુ જાણે ઉત્થાન પામેલા બે પ્રાણો હતા. તે બંનેમાં પૂ.માએ દિવ્ય ભૂખ જગાડી દીધી હતી. પૂ.માના પ્રત્યેક શબ્દને બ્રહ્મવાક્ય ગણવાની તેમની સુટેવે ઓઝાના શિબિરને સંપૂર્ણ સફળતા અપાવી હતી એમ કહેવામાં મને જરા પણ અતિશયોક્તિ લાગતી નથી. સૌ શિબિરાર્થીઓ માટે એક સરખી સૂવા રહેવાની વિના મૂલ્યે સગવડ, સમયે સમયે નાસ્તો તેમજ ભોજનની ફી લીધા વગર વ્યવસ્થા અને ઉપવાસી ભાઈબહેનોની અલગ ગોઠવણી કોઇ પણ આગંતુકને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતી હતી. પૂ.માની સુકલડી કાયામાં એવું તે શું કૌવત ને કામણ ભર્યું હતું કે નાના મોટા સર્વે શિબિરાર્થીઓ એકસરખા અનેરા અદ્‌ભુત આકર્ષણની સોનેરી સાંકળે બંધાયેલા રહ્યા હતા! નિયમિતતાનું અને શિસ્તબદ્ધતાનું શિક્ષણ જાણે કે પૂ.માની પાઠશાળામાં સૌ કોઇ પરમાનંદ માણતા માણતા લઇ રહ્યું હતું! ન તો કોઈને ઘર યાદ આવતું હતું કે ન તો કોઈને ધંધાની પડી હતી! ન કોઇ ગળાડૂબ લાગતું હતું! પૂ.મા સર્વેશ્વરીનું આ દિવ્ય પાસું સદાને માટે યાદ રહી જાય તેવું હતું.

સવાર, બપોર ને સાંજ એમ શિબિરની દરરોજ ત્રણ બેઠકો થતી. વિવિધ પ્રકારના કાર્યક્રમો સાત્વિક રીતે થયા કરતા અને જરા પણ કંટાળ્યા વિના શ્રોતાજનો રસલ્હાણ માણ્યા કરતા હતા. પૂ.માની હાજરી પ્રત્યેક બેઠકમાં અચૂક રહેતી. ભલે ને તેઓ મૌનમાં હતાં પણ શબ્દ વિહોણો તેમનો ગૂઢ સંદેશો અંતરિયાળમાં કાયમ પડઘાતો રહેતો! કોઈને બોલવાનું જ જાણે કે મન થતું જ નહીં! દરરોજ ચારસો જેટલાં ભાઇબહેનો કાર્યક્રમમાં હાજરી આપતાં હતાં. દસે દસ દિવસોમાં ત્યાં જ રહેનારોઓ લગભગ સવા બસો જેટલાં હતાં. બાકીનાંની દરરોજ બહારથી આસપાસના વિસ્તારમાંથી અવર જવર



રહેતી. છતાં ત્યાં શાંતિનો અનુભવ થતો હતો. એક દિવસ મૌન પાળી સૌ કોઇએ મૌનના મહિમાને પીછાણ્યો હતો. પ્રભાત ફેરી દરરોજ થતી અને તેમાં લગભગ તેર વર્ષનું પૂ.માનું ઉપવાસી શરીર કેવી અજાયબીઓ સર્જતુ તે સૌને જોવા મળતું હતું. તેમની ચાલવાની ઝડપ કોઇ પણ શક્તિશાળી યુવાનને શરમાવે તેવી હતી. જાહેરમાં તેમનાં હળવી કસરતના પ્રયોગો અને જુદાં જુદાં આસનોના કાર્યક્રમો જોઇ સૌના અંતરમાં પૂ.મા માટે અહોભાવની ભરતી ઉભરતી. માણસે કેટલા વાગે ઉઠવું, કેવી કસરતો કરવી, કેટલું ખાવું–પીવું ને કેવું વાંચવું ને સાંભળવું તે તમામ શિબિરમાં સૌને શીખવાનું મળ્યું હતું.

શિબિરમાં મૌન છોડીને પૂ.માએ પોતાની શ્રીવાણી પણ સૌને સંભળાવી હતી. તેમની શ્રીવાણી સાંભળવાનો લ્હાવો ખરેખર અનુપમ હતો. એકધારો વાગ્ધારાનો બે કલાક સુધી ચાલેલો મધુર પ્રવાહ સાંભળનારનાં હૈયાને મંત્રમુગ્ધ કરી દેતો હતો. અંતરમાં તેમાનાં બે શબ્દો પણ જો ઉતરશે તો તેના ભાગ્યના દરવાજા ઉઘડી જશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી. તેમની શ્રીવાણી શિબિરની સર્વોત્તમ મહાપ્રસાદી હતી. શિબિરમાં ન હાજર રહી શકનાર પણ કેસેટ ખરીદી પૂ.માની વાણી ઘરબેઠાં સાંભળી શકશે અને તેમાં રહેલી દિવ્યતાને માણી ધન્યતાનો અનુભવ કરી શકશે.

ઓઝાના શિબિર નવરાતના પવિત્ર દિવસો દરમ્યાન થઇ હતી. નવરાત્રીનો મહોત્સવ શક્તિ ઉપાસનાનો મહિમા દર્શાવનારો ગણાય છે. માણસના હૃદયમાં શક્તિ તો છે જ પણ તે શક્તિને પિછાણવી અને તેને અનંત ગણી કરવી તેમજ શક્તિ પ્રાપ્ત કરવા માનવ જન્મનો હેતુ સર કરવો એ શક્તિ ઉપાસનાનો આદર્શ ગણાય છે. આજે તે આદર્શ વિસ્મૃત થઇ ગયો લાગે છે. શક્તિ ઉપાસનાને બદલે આજે તો મૂળભૂત શક્તિને વેડફવા ઉત્સવ થતો હોય તેવી છાપ પડે છે ડીસ્કો

ગરબા ને દાંડિયા રાસ ઉત્સવના આનંદને બહાને નોરતાનું આકર્ષણ બની ગયા છે. તેને અનુકૂળ સાજ સજાવી અને ખાવાપીવાની વિકૃતિ વિશેષ પ્રમાણમાં જોર પકડતી જાય છે. સાથે સાથે ઘોંઘાટિયું સંગીત નવરાત્રીના પવિત્ર વાતાવરણને પ્રદૂષિત કરે ત્યાં સુધીની સીમા વટાવી દેવામાં આવી છે. તે સંજોગોમાં પૂ.માએ આ શિબિર યોજી નવી પ્રણાલિકા પાડી છે. સાત્વિક રીતે આ ઉત્સવ કેવી રીતે ઉજવવો તેનો સરસ દાખલો ઓઝાના શિબિર છે. ઉત્સવમાં મનોરંજનની જરૂર છે જ, પણ તે શક્તિ ઉપાસનાની પવિત્રતાને શોભાસ્પદ હોય તેવું જ! સાત્ત્વિકતાને ભોગે મનોરંજન માનવને વિનાશ તરફ ઘસડી જાય તે ખ્યાલ રાખવો જ રહ્યો! પૂ.માએ આ બધી વાતોને લક્ષમાં લઇ આ શિબિરની યોજના કરી હતી.

પૂ.મા સર્વેશ્વરી એક કુશળ ઇજનેર તરીકે અને તેથી યે વિશેષ એક કુશળ વહીવટકર્તા તરીકે શિબિરમાં દીધી નીકળ્યાં હતાં! કોણ ક્યા રૂમમાં છે તેની નોંધ પૂ.માએ જાતે તૈયાર કરી હતી એટલે એક જ મિનિટમાં તે વ્યક્તિનો સંપર્ક થઇ શકતો હતો. પ્રત્યેક રહેઠાણ પૂ.માએ જે નામાનિધાન કર્યું હતું તે પણ પૂ.માના સાત્વિક ને પવિત્ર મનોગતને વ્યક્ત કરનારું જ હતું. દરેક સાથે વ્યક્તિગત સંપર્ક પણ તે કારણે જ પૂ.મા કરી શક્યાં હતાં! સમગ્ર આયોજન પૂ.માએ એકલે હાથે જ કર્યું હતું. શિબિરના પ્રારંભથી તે અંત સુધી પૂ.માની વહીવટી શક્તિનાં સ્પષ્ટ દર્શન થતાં હતાં.

એ વાત સાચી છે કે આજ દિન લગી શ્રી રામકબીર સંપ્રદાયના ભક્ત સમાજે આવી શિબિર યોજી નથી. શા માટે? શું ભક્ત સમાજને શિબિર આવશ્યક જણાતી નથી? કે પછી ભક્ત સમાજ શિબિરનો વિરોધી છે? મારી દૃષ્ટિએ શિબિરની આવશ્યકતા સમાજ ને સમજ હોવાં છતાં સમાજ શિબિરનું



આયોજન કરી શક્યો નથી. એ શિબિરનો વિરોધ તો નથી જ. કારણ કે સદ્‌ગુરુ કબીરના સંસ્કારો એની રગમાં ભૂંસાયા નથી. શિબિર એટલે એક સ્થળે વ્યવસ્થિત રીતે અપાતી આધ્યાત્મિક તાલિમ. સત્સંગ, ભજન ને યોગ આદિ આધ્યાત્મિક ક્ષેત્રના સાધનનો પ્રત્યક્ષ પરિચય કરાવવામાં આવે. તેવા પરિચયે શિબિરાર્થી આત્મવિશ્વાસ અને આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવા કટિબદ્ધ બને. આવો આદર્શ શિબિરનો હોવાથી શિબિરનું મહત્ત્વ સમાજ સારી રીતે સમજે છે, એવી મને તો ખાત્રી છે. સદ્‌ગુરુ કબીર સાહેબના સમયે એક જ જગ્યાએ એકત્ર થઇ આધ્યાત્મિક તાલિમ લેવાની પદ્ધતિ તો હતી જ. તે કાળે આશ્રમ પદ્ધતિ કહેવાતી. હવે આપણા સમયમાં તેને શિબિર પદ્ધતિના નવા નામે ઓળખવામાં આવે છે. એટલું જ. શિબિરમાં માનવ પોતાના અવતારને સમજે, પોતે શરીરને પિછાણે અને પોતાની આત્મિક શક્તિ તરફ સભાન બને તો માનવ પોતાનું કલ્યાણ કરવા જરૂર કટિબદ્ધ બને. સદ્‌ગુરુ કબીર સાહેબ માનવ જન્મને ખૂબ મહત્વ આપતા જ હતા :

**માનુસ જનમ દુર્લભ અહૈ, મિલે ન દૂજિબાર,**
**પક્કા ફલ જ્યૂં ગિરપરા બહુરિ ન લાગે ડાર.**

સદ્‌ગુરુના આવા વિચારોને ચરિતાર્થ કરવા ભક્ત સમાજ ઓઝાના શિબિર જેવી શિબિરો યોજીને પરદેશની ધરતી પર અન્ય જનસમૂહને માર્ગદર્શનરૂપ થઇ પડે તો એના જેવું મહાન પુણ્યકાર્ય બીજું ક્યું ગણાશે? યાદ રાખજો, એકવીસમી સદીમાં સદ્‌ગુરુ કબીર સાહેબના વિચારોની અત્યંત આવશ્યકતા જણાશે!

# પ.પૂ.શ્રી સર્વેશ્વરીની પનામા—યાત્રા

(ગતાંકથી ચાલુ) —મા સર્વેશ્વરી

**તા. ૩૧—૭—૦૫ રવિવાર**

પ્રભાત તો પ્રસન્તાતાથી જ પ્રગટે છે. શાંતિ છે નિરાંત છે શ્રી હરિ તો જાગીને પહેલું કામ નમવાનું ને પછી જ નિત્યકર્મ

વાદળીયું હવામાન માને વીંટળાઇ વળે પરિણામે અકસ્માતનું, વેદના પ્રસાદીનું સહજ તીવ્ર સ્મરણ પણ થતું રહે છે.

મા પણ એનાથી ટેવાઇ ગયાં છે. વેદના એનું સામ્રાજ્ય સ્થાપે તો મા એના સ્મરણ શસ્ત્રથી સજ્જ બને, નિત્ય આ યુધ્ધ.

આજે આજની જ માળાબાકી છે. સાંજે સરસ રીતે થઇ છે.

સવારે એક માતા મળે છે. મા તેને બાળકોને પ્રેમથી મઢી લેવાની વાત સમજાવે છે. મા તમે કેટલાં ભાઇ—બહેન?

ઉત્તર :— બે

મા :— તમને પ્રેમથી ઉછેરેલાં?

ઉત્તર :— હા, મા

મા :—તો હવે તમારો વારો, જે વ્હાલ તમે માતા—પિતા પાસેથી પામ્યાં તે વ્હાલ હવે તમારે બાળકોને આપવું.

પ્રેમ આપશો તો બાળકો વ્યસન ને કુસંગથી રક્ષાયેલાં રહેશે. જે બાળકોને મારપીટ કરે છે તેને કદી બાળક બીજા કોઇ જન્મે પ્રભુ ના આપે. બાળકો જ તો તમને માતાની પદવી આપે છે. બાળકને લીધે જ ઘર જીવતું લાગે છે.

બાળકના તોફાન સામે ગુસ્સો આવે ને હાથ જો ઉપડે તો તે જ હાથ તમારે તમારા ગાલ ઉપર જ ઉપાડવો, બાળકને બીજી વાતમાં વાળીને બીજી રમતમાં લાગાડીને તેને શાંત કરી દો—વગેરે.



તે માતા કહે છે મા કહે છે હવે બાળકોને નહિ મારું હાશ થઇ ગઇ. માને જ્યાં જ્યાં જે જે જરૂરી છે તે તે મા કહી શકે છે ને સાંભળનાર પણ ધ્યાનથી સ્વીકારે છે એ પ્રભુની કૃપા છે પ્રભુની ઇચ્છા વિના આ શક્ય નથી.

આજે સાંજની બેઠકમાં પૂ.શ્રીના પ્રવચન પછી યાત્રાનો એક દિવસ મા રાજુ પાસે વંચાવે છે.રાજુ—ઉપાસના ન્યુજર્સીથી આવી ગયાં છે. તો તેની પાસે જ મા એ વાચન કરાવે છે. એ નોંધ ઉપર રાજુ ૫ મિનિટ બોલે પણ છે.

પનામાની આ ધરતી ઉપર જાણે ઘણા વરસથી રહીએ છીએ એવું લાગે છે. માનું મન જાણે સર્વત્ર અનુકૂળતા શોધી લે છે. જ્યાં જાય ત્યાં એકાદ દિવસમાં તો અનુકૂળ થઇ જ જવાય. એ મનની પાછળ શ્રી હરિની જ ઇચ્છા છે. આ મન ઉપર જે રીતે સ્મરણનું સામ્રાજ્ય છે એ રીતે મન ઉપર સ્મરણ સમ્રાટ શ્રી હરિનું પણ આધિપત્ય લાગે છે. જ્યાં જાવ ત્યાં અનુકૂળ થઇ જવાય એ વાત વર્તનમાં કઠિન લાગે, પણ અહીં તો આ વાસ્તવિક્તા છે.

મનના માલિક મોહન. હા, આ મનના, આ તનના, એકે એક ખૂણે જ એ પરબ્રહ્મનો પ્રવેશપ્રસાર છે. સર્વત્ર એજ વિલસી રહ્યો છે.

શ્રી હરિ અહીં વ્યાપક છે. એના પ્રચાર કે પ્રસાર માટે બાહ્ય કોઇ ઉપકરણોની જરૂર જ નથી. અરે! કોઇ સાક્ષી કે સાબિતીની પણ ક્યાં જરૂર છે! આ તો અનુભવેલી વાત છે. ચાખો તો પરખાશે. પડો પાણીમાં તો શીતળતા અનુભવાશે. ઝંપલાવો તો જીતી જવાશે.

અહીં કોઇ પત્રિકા, પુસ્તક, ટી.વી. કે રેડિયો, ડીવીડી કે સીડી, ઇ.મેલ કે સી.મેલ કે એર મેલ કોઇ જ સાધનોની જરૂર ના પડે.

આ તો ડીવાઈન મેઈલ છે. ક્યાંથી, કેવી રીતે કેટલા પ્રમાણમાં તે માના મનમાં, માના તનમાં, માના અંતરમાં, જીવનના એક એક ધબકારામાં તે સનાતન સાથી બની ગયો છે.

આ કલમ પણ તેની, આલેખન પણ તેનું જે કંઇ બંધ કે ઉઘાડી આંખે દેખાય, અનુભવાય તે સઘળાનો એ જ સ્વામી છે.

અરે! આ સર્વેશ્વરી નામનું સર્જન જ એનું છે એણે માત્ર નામ આપીને પોતાના હસ્તાક્ષર ધરી દીધા છે. સંપત સ્વામીની છે. ને સર્વ વ્યાપાર પણ સ્વામીનો છે. આ જીવનમાં યુગોથી એ જ જીવે છે. એની જ સર્વ યોજના ૬૨ વર્ષીય કે ૭૦ વર્ષીય બધું જ એના જ કાર્યાલયમાં પાકું થાય.

એ જ જગાડે, ચલાવે, દોડાવે અને પોઢાડે. એના સામ્રાજ્યમાં સનાતન શાંતિ, સનાતન સુખ, સનાતન સર્વત્ર આનંદ ને આનંદ

સતત એ જ બંસીના સૂર છેડ્યા કરે છે. એજ મૌન રહીને મ્હાલી રહ્યો છે. એજ દેશ–વિદેશ વિચરી રહ્યો છે. એનો જ આ સૂર્યોદય છે.

મા જાણે છે એ સ્વામીને, મા જાણે છે એ મહાશક્તિને. મા ધારે છે એ ભગવંતને સઘળું માને સુલભ છે, કારણ સ્વામી સર્વેશ્વરીના છે.

આ રાજ્ય અખંડ તપો આ કલમ સતત લખ્યા કરો, આ મન સતત જપ્યા કરો, આ તન સતત નમ્યા કરો. આ જીવન શ્રી હરિની સુરાવલિ બની જાવ, મહારાજ્યમાં માને મસ્ત બનવા દો.સર્વ પ્રકારના પ્રસાદ કે પ્રચારના માધ્યમથી અલિપ્ત રહેવા દો.

એ તો એના આંતરિક રાજ્યમાં સ્વયં જ પ્રતિબિંબ બની પોતે જ પોતાને માણ્યા કરે છે. પોતે જ પોતાને જોયા કરે છે. પોતે જ પોતાને માણ્યા કરે છે. એના એ રાજ્યમાં નિત્ય મંગલ



મહોત્સવ ક્ષણક્ષણનો, શ્વાસશ્વાસનો અનંત જન્મોનો અખંડ.

આ સર્વેશ્વરીના સ્વામી આ સામ્રાજ્ય છોડીને ક્યાંયે જઇ શકે એમ નથી. છટકી જ ના શકે.

સર્વેશ્વરી પણ એ સામ્રાજ્યનો સૂર્યોદય અખંડ રહો એવું પ્રત્યેક સ્પંદને પ્રાર્થે છે.

પ્રણામ કે પાઠ કે ભક્તિ કે યુક્તિ આ દેહ કે બીજો દેહ, આ જન્મ કે પૂર્વ જન્મ કે પુનર્જન્મ આ દેશ કે પરદેશ કે સ્વદેશ જાણે સઘળું આ સામ્રાજ્યમાં સંતાઇ ગયું છે. ધરતીમાં સમાઇ ગયું છે.

સર્વત્ર સ્વામીના સામ્રાજ્યની સીમાનો સત્કાર સર્વેશ્વરી સદાકાજ કર્યા કરે છે.

આનંદ, આનંદ, આનંદ.

હા, આવતીકાલે અહીં ૫ દિવસનો કાર્યક્રમ પ્રારંભ પામશે. ૬૨ વિદેશના ભક્તો અને અહીંના ૨૫૦ ભક્તો આવતી કાલથી સાથે બેસી સત્સંગની મોજ માણશે.

૧૯૮૪ પછી આ પ્રથમ જાહેર કાર્યક્રમ છે, જેમાં માને સંપૂર્ણ નિશ્ચિતતાં છે. નથી હોલ જોયો. નથી કોઇ સૂચના આપી, નથી કોઇ ચિંતા થઇ.

શાંતિ. જે હરિ કરશે તે મંગલ જ હશે. છે ને હતું. આ શાંતિ પ્રભુની પ્રસાદી છે.

આજે આવનાર સૌ મળે છે. ઉપાસના, હિતેશ, રીટા, યાસ્મીન, રાજુ, કુસુમબહેન, નીરુબહેન, વાસુદેવ, પદ્માબહેન સાંજે મળે છે ગુલાબબહેન, રંજનબહેન, ગોવિંદભાઇ, ગુલાબબહેન સવાના, પારૂલ વગેરે વાતો થઇ છે.

મા: કસ્ટમમાં કંઇ પ્રશ્ન હતા?

કુસુમબહેન: મા, હું સૂકી ચાનાં પેકેટ લાવી હતી તે ફેંકાવી દીધાં.

મા : આપણે કદી પણ ભેટમાં વ્યસનોના પદાર્થો ના

લાવવા. ચા, છીંકણી, સોપારી, એના કરતાં બીજી ઘણી સારી વસ્તુઓ મળે છે, તે લાવવી.

કેમ કુસુમબહેન, નીરૂબહેન આજે જ દર્શન આપ્યાં માને!

કુસુમબહેન : મા અમે તો આપના દર્શન રોજ બેઠકમાં કરતાં હતાં.

મા : પણ માને તો તમે આજે જ દર્શન આપ્યાં.

કુસુમબહેન : માની દૃષ્ટિમાંથી કોઇ ના છટકી શકે. આપે અમને જોયાં જ છે.

આજે ગુલાબબહેન કહે, મને તો ખૂબ આનંદ છે. જાણે રાજસૂય યજ્ઞનો અવસર અમારે આંગણે છે! બાળકો પણ ખૂબ પ્રસન્ન છે.

આજે રંજનબહેન કહે, મા, જંકશન આપ હતાં ત્યારે હ્યુસ્ટનથી પેલી ચાર બહેનો આવી હતી. તેમાંના એક બહેન જોડે વાતો થઇ. તેમણે પ્રણામ દરરોજ શરૂ કર્યા છે અને કોકનું પીણું છોડી દીધું છે.

સારી વાત છે.શ્રદ્ધાથી પ્રણામ કરવા અને સમજપૂર્વક કોક છોડાવી.

સારી વાત છે. આ કાર્યક્રમને યજ્ઞની દૃષ્ટિથી મુલવવો.

સર્વત્ર જાણે સર્વ ભક્તો પાસેથી માને નાના નાના સંદેશા મળતા રહે છે. પ્રભુની કૃપાથી જ સારા નિયમો સૂઝે ને નકામી ટેવો પણ કૃપાથી જ છૂટે. સદ્ગુરુ ભગવંત એ રીતે સૌને સંભાળી રહ્યા છે.

હે પ્રભુ! પાર ઉતારજો. એવું પણ ના કહેવાય કારણ આપનો જ છે એ કાર્યક્રમ. મા તો માત્ર દૃષ્ટા છે.

પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

**(ક્રમશઃ)**



# તોતાપુરીની કાયાપલટ

**યોગેશ્વરજી**

**શ્રી** રામકૃષ્ણ પરમહંસદેવના યોગસાધના ગુરુ તોતારી નર્મદાના પ્રશાંત તટ પર વરસો સુધી એકાંતિક સાધના કરીને એમણે નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કરેલી અને ઈશ્વરના નિરાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર કરેલો, પરંતુ એમને ઈશ્વરના સાકાર સ્વરૂપમાં તથા ભક્તિમાં શ્રદ્ધા ન હતી. શ્રદ્ધા ન હતી એ તો બરાબર, પરંતુ વધારેમાં અણગમો કે તિરસ્કાર હતો. રામકૃષ્ણદેવ ઈશ્વરનું નામસંકીર્તન કરતાં તાળીઓ પાડતા તે જોઈને એ હસતા ને વ્યંગમાં કહેતા કે તાળીઓ પાડીને ઝાડ પરથી પંખીઓ ઉડાડો છો કે શું? રામકૃષ્ણ કહેતા કે પંખીઓને નથી ઉડાડતો પરંતુ ઈશ્વરના ગુણાનુવાદ ગાઉં છું. તો પણ તોતાપુરી તો નિનોદ કરતાં હસતા જ રહેતા.

રામકૃષ્ણદેવનો ભક્તિભાવ પણ કવો? જગદંબાના ગુણવાદને પરિણામે એમની આંખમાંથી પ્રેમનાં આંસુ વહી જાય, એમને રોમાંચ થાય, અને એમનું મન, શરીર અને ઈન્દ્રિયોના સ્થૂલ પ્રદેશમાંથી ઉપર ઊઠીને સમાધિના સૂક્ષ્મ પ્રદેશમાં પ્રવેશ કરી જાય. એ દૃષ્ટિએ જોતાં એમનું જીવન એકદમ વિલક્ષણ હતું. એમની એ વિલક્ષણતાને તોતાપુરી ના સમજી શક્તા. છતાં પણ એમના બીજા અશાધારણ ગુણોને લીધે એ એમની ઉપર પ્રેમ રાખતા.

ભક્તિભાવમાં ના માનવાને લીધે તો તોતાપુરી લાંબા વખત લગી દક્ષિણેશ્વરમાં રહેવા છતાં રામકૃષ્ણ જેમને ઈષ્ટ માનતા તે

દેવના મંદિરમાં દર્શન કરવા માટે ગયા જ ન હતા.

રામકૃષ્ણદેવના પવિત્ર પ્રેમથી પ્રેરાઈને તોતાપુરી દક્ષિણેશ્વરના સ્થનમાં છ મહિના જેટલો લાંબો વખત રહ્યા તે દરમિયાન એક નોંધપાત્ર બનાવ બન્યો.

કલકત્તાનું પાણી માફક ના આવવાથી કે કોઈક બીજા કારણથી એમને શરીરે ભયંકર ગરમી ફૂટી નીકળી.

ઉપચાર કરવામાં એ માનતા જ નહિ, અને બીજી રીતે એમની ગરમી ના મટી પણ વધતી જ ગઈ, એટલે, આખરે એ કંટાળ્યા અને શરીરનો ત્યાગ કરવા માટે તૈયાર થયા.

એક દિવસ એમણે નક્કી કર્યું કે આજે રાતે મંદિરમાં બધાં સૂઈ જશે ત્યારે, કોઈને ખબર નહિ પડે તેવી રીતે બાજુમાં વહેતી ગંગામાં ડૂબીને મારા શરીરને શાંત કરી દઈશ. એ સિવાય બીજો કોઈ રસ્તો મને નથી દેખાતો.

એ વાતની જરા જેટલીએ ગંધ રામકૃષ્ણદેવને ના આવે એનું એમણે ધ્યાન રાખ્યું.

મધરાતને વખતે સમસ્ત સૃષ્ટિ શાંત થઈ ગઈ ત્યારે, તોતાપુરી પોતાના પંચવટીના વૃક્ષ નીચેના એકાંત આસન પરથી ઊભા થયા, કોઈ પોતાને જોતું તો નથી ને એની ખાતરી કરી લેવા એમણે આજુબાજુ નજર નાખી, અને ગંગાના ઘાટ તરફ પ્રયાણ કર્યું.

ઘાટ પર આવીને એમણે ગંગાના પાણીમાં પ્રવેશ કર્યો અને આગળ વધ્યા. પરંતુ... એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

જે ગંગા રોજ પ્રબળ વેગથી વહી જતી તે ગંગામાં આજે એમને ડૂબાડવા જેટલું પાણી જ ના લાગ્યું. એ પાણી ઘૂંટણ કરતાં



ઉપર ચઢતું જ નથી. એ પાણી ગયું ક્યાં?

એ વધારે આગળ વધ્યા પરંતુ પાણીની સપાટી સહેજ પણ ના વધી.

છેવટે નિરાશ થઈને, શરીરત્યાગનો વિચાર પડતો મૂકીને કોઈ પોતાને જોઈ જાય તે પહેલાં જ પોતના આસન પર પાછા ફરવાની ઈચ્છા સાથે એ ઘાટ પરથી પાછા ફર્યા.

પરંતુ વિધિનું વિધાન જુદું જ હતું. એ ઘાટ પરથી પાછા ફરતાં ત્યાં જ માર્ગમાં એમને રામકૃષ્ણદેવનો મેળાપ થયો.

એમને આકસ્મિક રીતે આવેલા જોઈને એમને ખૂબ જ સંકોચ થયો.

રામકૃષ્ણદેવે એમને સંકોચરહિત સ્વરે પૂછ્યું, 'ગુરુદેવ' અત્યારે મધરાતને વખતે આમ ક્યાંથી? '

તોતાપુરી નિરુત્તર રહ્યા એટલે રામકૃષ્ણદેવે કહ્યું. 'જગદંબાની કૃપાથી હું જાણું છું કે તમે ગંગામાં ડૂબવા ગયેલાં. મારી માને તમે માનતા નથી પરંતુ એણે જ તમને બચાવ્યા છે. તમે એને પગે તો લાગો.'

એમના શબ્દોની તોતાપુરી પર અસાધારણ અસર થઈ, એ દેવીના મંદિરમાં જવા માટે પહેલી જ વખત તૈયાર થયા.

મંદિરમાં પ્રવેશીને જોયું તો દેવી સામે જ ઊભી હતી. એણે કહ્યું, 'તોતાપુરી, તું મને માનતો નથી પરંતુ હું છું. તને આજે ગંગામાં ડૂબતો મેં જ બચાવ્યો છે. તને અજ્ઞાન તથા સંકુચિતતામાંથી મુક્ત કરવા માટે જ મેં એ પ્રસંગ યોજેલો, મારા અનુગ્રહ અથવા આશીર્વાદથી તારી બધી ય ગરમી હવે મટી જશે, અને તું પણ હવે થોડા જ વખતમાં આ સ્થળમાંથી વિદાય

થજે.'

તોતાપુરી દેવીના ચરણે પડ્યા. એ જ વખતે દેવી અદશ્ય થઇ.

શારીરિક તથા માનસિક બંને રીતે તોતાપુરીની કાયાપલટ થઇ ગઇ, 'સાકાર અને નિરાકાર બંને એક જ સિક્કાનાં બે પાસાં જેવાં છે. બંને એકમેક સાથે જોડાયેલાં છે.' રામકૃષ્ણદેવનાં એ વચનોનો મર્મ એ અદ્‌ભુત અનુભૂતિથી એમને સારી પેઠે સમજાઇ ગયો. એમને સર્વાંગી જ્ઞાનની પ્રાપ્તિ થઇ.

શરીર તથા મનનું સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવીને છેવટે એ દક્ષિણેશ્વરથી ચાલી નીકળ્યા ત્યારે રામકૃષ્ણદેવના વિયોગના વિચારે ગળગળા બની ગયા. એમની આંખ આભારની અભિવ્યક્તિ કરતી ટપકી પડી. ધન્ય એ ગુરુ ને ધન્ય એ શિષ્ય! બંને એકમેકના જીવનવિકાસના ગુરુ થયા ને બંને એકમેકના શિષ્ય બન્યા.

આકાશ તૂટી પડે, ધરતી ફાટી જાય, પર્વતો પોતપોતાના સ્થાનોથી ચાલવા માંડે, સમુદ્રો પોતપોતાની મર્યાદા મૂકીને એકઠા મળી જાય અને જગત્ આખું કદાચ ઊથલપાથલ થઇ જાય, તો પણ રાગરહિત પુરુષને કોઇ પણ પ્રાણિપદાર્થમાં મમતા ન હોવાથી તેને ક્યું નુકશાન છે?



# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

## આત્મજાગૃતિ

**પ્રશ્ન :** આત્માને જગવવો એટલે શું?

**ઉત્તર :** આત્માને જગવવો એટલે આત્માની સુષુપ્ત શક્તિને જાગ્રત કરવી. દુન્યવી વિષયોમાં ડૂબેલા ને ભાન ભૂલેલા માનવને પોતાના જીવનનું કલ્યાણ શેમાં રહેલું છે, તેની ખબર નથી. કોઇવાર કોઇને ખબર હોય છે તો તે પ્રમાણે ચાલીને જીવનનું કલ્યાણ કરવાની સૂઝ—શક્તિ કે સમજ નથી હોતી. એ માહિતી મેળવીને જીવનનું પરમકલ્યાણ કરી લેવું અથવા કરવાનો પ્રયત્ન કરવો એટલે આત્માને જગવવો. અવિદ્યારૂપી અંધકારનો અંત આણીને અંતઃકરણને આત્મજ્ઞાનના અજવાળાથી અજવાળી દેવું.

**પ્રશ્ન :** એવી આત્મજાગૃતિ પોતાની મેળે થઇ શકે?

**ઉત્તર :** શામાટે ના થઇ શકે? પોતાની મેળે આત્મજાગૃતિ કરનારા કેટલાય સત્યપુરુષો સંસારમાં થઇ ગયા છે.

**પ્રશ્ન :** છતાં પણ કોઇ પોતાની મેળે આત્મજાગૃતિ ના કરી શકે તો?

**ઉત્તર :** તો તે બીજી બહારની મદદ મેળવીને આગળ વધી શકે છે.

**પ્રશ્ન :** બહારની મદદ એટલે?

**ઉત્તર :** સ્વાધ્યાય, સત્સંગ, તીર્થાટન, દેવદર્શન વગેરે. એ

બધાં સાધનો જીવનની શુદ્ધિ સાધીને જીવનને ઉદાત્ત કરવામાં ને ઈશ્વરપરાયણ બનાવવામાં મદદ પહોંચાડે છે એમનો સાચો લાભ એજ છે. એમને લીધે આત્માની જાગૃતિ સહેલી બને છે.

**પ્રશ્ન :** જેના જીવનમાં આત્મજાગૃતિ થઇ હોય તેનાં લક્ષણો કેવાં હોય છે? એને કેવી રીતે ઓળખી શકાય?

**ઉત્તર :** આત્મજાગૃતિવાળા પુરુષનું મન ઊંડી શાંતિથી સંપન્ન અને વાસના તથા વિકારથી રહિત હોય છે. એ અહંતા, મમતા આસક્તિ અને રાગદ્વેષથી મુક્ત હોય છે. એના જીવનમાંથી ઊંડી નિર્મળતા ટપકતી હોય છે. એનું આત્માનુસંધાન નિરંતર ચાલુ રહે છે. એને ઓળખવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. ઈશ્વરની પૂર્ણ કૃપા હોય અથવા એવા મહાપુરુષની અનુકંપા હોય તોજ એમના વાસ્તવિક સ્વરૂપને ઓછાવત્તા પ્રમાણમાં ઓળખી શકાય અને ઓળખીને એમનો આવશ્યક લાભ પણ ઊઠાવી શકાય. મારા પોતાના અંગત અભિપ્રાય પ્રમાણે તો એવા મહાપુરુષનાં લક્ષણોની ચર્ચા અથવા ચર્ચાવિચારણા કરવાને બદલે એ લક્ષણોને પોતાના જીવનમાં ઉતારવાની કોશિશ કરવી જોઇએ. એવી કોશિશ કરવાથી જ લાભ થશે.

**પ્રશ્ન :** પ્રત્યેક પુરુષ પોતાના આત્માને જગાડી શકે?

**ઉત્તર :** શામાટે ના જગાડી શકે? આત્મજાગૃતિનો માર્ગ સૌ કોઇને માટે ઉઘાડો છે. ફક્ત એને માટેની ઉત્કટ ઇચ્છા કે ભાવના જોઇએ. એવી ઇચ્છા કે શુભભાવનાથી પ્રેરાઇને પ્રામાણિક પુરુષાર્થ કરવામાં આવે તો આત્માને જરૂર જગાડી શકાય ને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ બની જવાય. આત્મજાગૃતિ અથવા આત્મસાક્ષાત્કારના મંગલમય માર્ગે



આગળ વધવાનો પ્રતિબંધ નથી.

**પ્રશ્ન :** આત્માજાગૃતિ સંપૂર્ણપણે સધાય છે ત્યારે શું થાય છે?

**ઉત્તર :** પોતાની અંદર અને બહાર રહેલા પરમાત્મતત્ત્વનો સ્વાનુભવ સાધકને સારું સહજ બને છે. એના પરિણામે અવિદ્યાનો અંત આવે છે અને ભેદભાવનું તેમજ અશાંતિનું શમન થાય છે. લૌકિક—પારલૌકિક લાલસાઓ તથા વાસનાઓ પછી નથી સતાવી શકતી.

**પ્રશ્ન :** આ યુગમાં એવી અસાધારણ અવસ્થાની પ્રાપ્તિ થઇ શકે?

**ઉત્તર :** જરૂર થઇ શકે. આત્મવિકાસમાં કોઇપણ યુગ વચ્ચે નથી આવતો. આ યુગમાં પણ આત્મોન્નતિની અસાધારણ અવસ્થાપર પહોંચેલા પુરુષો અનેક થયા છે. તમે પણ ધારો તો એમનામાંના એક થઇ શકો. આ યુગની પોતાની કેટલીક આગવી વિશેષતાઓ છે. તેમનો સમુચિત લાભ ઉઠાવીને બીજાની જેમ તમે પણ આત્મોન્નતિ જરૂર સાધી શકો.

આજનો માણસ બે બાબતો ધીરે ધીરે ગુમાવતો જાય છે. સાચેસાચ હસવાનું ને મનમૂકીને રડવાનું.

માણસ માત્રની કરુણતા એ છે કે એ પોતે જ પોતાની આસપાસ કરોળિયાનાં જાળા રચે છે.

વિકાસના માર્ગની મોટામાં મોટી જડીબુટ્ટી એક જ છે—આત્મવિશ્વાસ.

# શરીર મીમાંસા

સ્વામી ચિદાનંદ સરસ્વતી

(દરેક મનુષ્ય કે જેને જાગૃતિપૂર્વક જીવવું છે, તેને માટે એ જરૂરી છે કે આ શરીર શું છે, તેનાં ઘટકો કયાં છે, તે ઘટકો કેવી રીતે કામ કરે છે તેમજ જીવનના ઉત્કર્ષ કે આત્મિક વિકાસ માટે તેમનો શી રીતે ઉપયોગ કરી શકાય.

એ સાચુ છે કે ભૌતિક અસ્તિત્વ ટકાવવા માટે આ શરીરની માવજત કરવી જરૂરી છે, નામ દહેધારી શરીરને જ સમાજ અને સંસાર ઓળખે છે. એટલે સંસાર સાથેના શરીરના સંબંધને માનવે બરોબર સમજી લેવો જોઇએ.

તો વળી આધ્યાત્મિક ક્ષેત્રે પણ શરીરની આવશ્યક્તા રહે જ છે, કારણ કે જેને લીધે આ શરીર જીવંત રહી, પ્રવૃત્તિ કે ક્રિયાઓ કરી શકે છે. તે આત્મિક ચેતનાને વસવા માટેનું તે ઘર છે. શરીર વિના આત્મિક ચેતના અભિવ્યક્ત થઇ શક્તી નથી, ક્રિયા કરી શક્તી નથી, એટલે જ કહેવાયું છે કે શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ એટલે ધર્મનું આચરણ કરવું હશે તો મનુષ્ય શરીર વિના તે શક્ય નથી.

શરીર વિષેની આ સમજ સ્વામી ચિદાનંદજીએ આ લેખમાં સરળ ભાષામાં સમજાવી છે, જે સહુને ઉપયોગી છે એટલું જ નહિ, પણ સાધકો માટે તો ખાસ.

એટલે વિનંતી છે કે દરેક વાંચક તે સમજીને વાંચે, વિચારે ને પોતાના વ્યક્તિગત દૈનિક જીવનમાં તેનો સભાનતાપૂર્વક ઉપયોગ કરી આધ્યાત્મિક ક્ષેત્રે વિકાસ સાધે, એજ અપેક્ષા. -તંત્રી)



શરીરમાં રહેલ ચૈતન્ય સ્વરૂપે પરમાત્મા જ છે. જીવભાવ તો આગન્તુક છે અને ભ્રમ જ છે. પુરુષાર્થ આ ભ્રમને ટાળવા માટે જ કરવાનો છે.

આટલું જાણ્યા પછી એવા પ્રશ્નો થશે કે જો આમ જ છે તો, જન્મમરણ પ્રત્યક્ષ દેખાય છે તે શું? જીવ ભિન્ન ભિન્ન યોનિયોમાં ભટકે છે તે શું? કર્મનાં સારાં માઠાં ફળ ભોગવનાર કોણ?

આ પ્રશ્નોના જવાબ આપતાં પહેલાં આપણે શરીર વિષે કેટલીક વાત જાણવી જોઇશે. શરીર ત્રણ છે. (૧) સ્થૂલશરીર (૨) સૂક્ષ્મશરીર કે લિંગ દેહ, અને (૩) કારણ શરીર.

સ્થૂલશરીર એટલે દેહ, જે પ્રાણ નીકળી ગયા પછી પડ્યો રહે છે તે. અને તેને જો બાળી કે દાટી ન દઇએ તો, તે સડવા માંડે છે અને વીંખાઇ જાય છે. તે પંચમહાભૂતનો બનેલ છે અને વીંખાઇ જતાં, પૃથ્વીનાં અંશ પૃથ્વીમાં મળી જાય છે, જળનો અંશ જળમાં, તેજનો અંશ તેજમાં, વાયુનો અંશ વાયુમાં અને આકાશનો અંશ આકાશમાં મળી જાય છે. આ શરીર ભોગાયતન કહેવાય છે. શ્રીશંકરાચાર્યે તેની વ્યાખ્યા આ રીતે બાંધી છે :

**पंचीकृतं महाभूतसंभवं कर्मसंचितम् ।**
**शरीरं सुखदुःखानां भोगायतनमुच्यते ॥**

એટલે કે આ સ્થૂલશરીર પંચમહાભૂતોના સ્થૂલ અંશોમાંથી બનેલું છે અને જીવે કરેલાં શુભાશુભ કર્મનાં ફળરૂપે સુખદુઃખ ભોગવવા માટે, તેને બાંધી મુદત માટે નિવાસસ્થાન (ધર્મશાળા) તરીકે મળેલ છે.

આ શરીરને જો કોઇ પ્રાણી ખાઇ જાય તો, ખાધેલ ભાગ વિષ્ટારૂપે નિકળી જાય છે, અને બાકીનો ભાગ વીંખાઇ જઇ પોતપોતાનાં રૂપમાં મળી જાય છે. આ શરીર ક્ષણભંગુર છે એટલે ક્ષણવારમાં તેનો નાશ થઇ જાય છે, અર્થાત્ પ્રારબ્ધના

ભોગ પૂરા થયે, તે જરા પણ વધારે વખત ટકી શકતું નથી.

માનવશરીર આવું ક્ષણભંગુર છે છતાં, જો તેમાં રહેલી સામગ્રીનો સદુપયોગ કરતાં આવડે તો મુક્તિ અપાવનાર પણ તે જ છે. કારણ મનુષ્યશરીરમાં જ મુક્તિનું સાધન થઇ શકે છે. બીજાં કોઇ પણ શરીરમાં થઇ શકતું નથી. દેવશરીરમાં પણ નહીં તો પછી બીજાંની તો શી વાત જ કરવાની?

ઠીક જ કહ્યું છે કેઃ—

**महता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया ।**
**पारं दुःखोदधेर्यातुं तर यावन्न भिद्यते ॥**

બહુ મોટાં પુણ્યના પ્રભાવે, દુઃખરૂપ ભવસાગર તરવા માટે આ કાયારૂપ—દેહરૂપ હોડી તેં લીધી છે. તો તે તૂટીફૂટી ન જાય તે પહેલાં આ ભવસાગર તરી જા.

ત્રીજું છે કારણશરીર. સૂક્ષ્મશરીરની વાત બહુ લાંબી છે તે પછી કરશું. આ કારણશરીર તે કઇ કોઇ ખાસ શરીરવિશેષ નથી. પણ તે સંસારચક્રના ચાલવામાં, અર્થાત્ જીવને જન્મમરણના ફેરામાં ફેરવનાર કારણ છે, એટલા માટે તેને કારણશરીર એવું નામમાત્ર આપ્યું છે. આ કારણશરીર એટલે ભવબંધનનું કારણ, અને તેને કેટલાક અજ્ઞાન અને કેટલાક અહંકાર કહે છે. અજ્ઞાન માનવું તે વધારે સારું છે. કારણ અહંકારનો સંભવ પણ અજ્ઞાનમાંથી છે. માટે અજ્ઞાન—સ્વરૂપનું અજ્ઞાન એટલે કારણશરીર.

આ લેખમાં જીવશબ્દ ખાસ વાપર્યો છે. અહીં જીવ એટલે દેહાધ્યાસયુક્ત ચેતન, અર્થાત્ જેને દેહાધ્યાસ દૃઢ થઇ ગયો છે એવું ચેતન; શુદ્ધ સ્વરૂપે નહીં. દેહાધ્યાસ છે ત્યાંસુધી જ શરીર છે, અને દેહાધ્યાસ છૂટી જાય અને જીવ પોતાના શુદ્ધ સ્વરૂપમાં



એટલે પરમાત્મસ્વરૂપમાં આવી જાય, ત્યારે શરીરમીમાંસાની જરૂર રહેતી નથી.

હવે લઇએ બીજું સૂક્ષ્મશરીર. સ્થૂલશરીર જેમ લોઢાં લાકડાં જેવું જડ છે, તેવું આ શરીર સાવ જડ નથી, તેમ જ ચૈતન્ય જેવું સ્વયંચેતન પણ નથી, પણ મધ્યભાવી છે. એટલે કે બહુ જ સૂક્ષ્મ હોઇ, ચૈતન્યનો પ્રકાશ ગ્રહણ કરી, પોતે ચેતનવંતું થઇ કાર્ય કરવા સમર્થ થાય છે. તેની વ્યાખ્યા શ્રીશંકરાચાર્યે આ પ્રમાણે આપી છે.

**पंचप्राणमनोबुद्धिदशेन्द्रियसमन्वितम् ।**
**अपंचीकृतभूतोत्थं सूक्ष्मांगं भोगसाधनम् ॥**

સૂક્ષ્મશરીર એટલે પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને સોળમું અંતઃકરણ. એમ સૂક્ષ્મશરીર સોળ કળાવાળું કહેવાય છે. તે બનાવટમાં સૂક્ષ્મ હોઇ, જીવને ભોગ ભોગવવાનાં સાધનરૂપ છે, આટલા માટે જ તેનું નામ સૂક્ષ્મશરીર પડ્યું છે. આમાં પણ જે અંતઃકરણ છે તે અતિસૂક્ષ્મ હોઇ, આત્માનો આભાસ ઝીલવા સમર્થ છે. અને તેથી કરીને પોતે જાણે સ્વતઃ ચૈતન્ય સ્વરૂપ જ હોય તેમ ક્રિયા કરી શકે છે.

હવે અહીં ઇન્દ્રિય શબ્દ સમજવા જેવો છે. સામાન્ય રીતે ઇન્દ્રિયોનાં ગોલકોને જ એટલે કે રહેવાનાં સ્થાનોને જ ઇન્દ્રિયો માનવામાં આવે છે પણ વસ્તુતઃ તેમ નથી. વળી પ્રત્યેક ઇન્દ્રિયને તેના નિયન્તા દેવ પણ હોય છે. દાખલા તરીકે રૂપને જોવાવાળી ઇન્દ્રિય તે દર્શન ઇન્દ્રિય, અને તે આંખ નામના ગોલકમાં રહે છે. આંખ નામનો અવયવ જેવો ને તેવો હોય, પણ જો તેમાંથી જોવાનું કામ કરનાર ઇન્દ્રિય ચાલી ગઇ હોય તો તે માણસ દેખી શકતો નથી. એટલે આંખ એ અવયવ

સ્થૂલશરીરનો ભાગ છે જ્યારે ઇન્દ્રિય તો શક્તિમાત્ર છે, અને તેના દેવ સૂર્ય છે. તેવી જ રીતે માણસનો હાથ જ્યારે કોઈ કારણસર ખોટો પડી જાય છે ત્યારે હાથનો અવયવ તો જેમનો તેમ સ્થૂલશરીરમાં હોય છે, પણ તેમાંથી ઇન્દ્રિયરૂપી શક્તિ ચાલી ગયેલી હોવાથી હાથ કામ કરી શકતો નથી. એટલે હાથ અવયવ તે હસ્તઇન્દ્રિય નથી. પણ હાથમાં કામ કરનારી કે હાથપાસે કામ કરાવનારી શક્તિ તે હસ્તઇન્દ્રિય છે. આના દેવતા ઇન્દ્ર છે. આ પ્રમાણે દશેય ઇન્દ્રિયો શક્તિઓ છે અને તે પોતપોતાનાં નિયત સ્થાનમાં રહે છે.

અંતઃકરણ શબ્દ એ 'અન્તઃ' એટલે અંદર અને 'કરણ' એટલે ઇન્દ્રિય. આ બે શબ્દોનો બનેલ છે. દશે ઇન્દ્રિયોના સ્થાન સ્થૂલશરીર ઉપર છે જ્યારે આ અગિયારમી ઇન્દ્રિય શરીરની અંદર રહીને કામ કરે છે એટલા માટે તે અંતઃકરણ કહેવાય છે. તેને માટે શરીર ઉપર કોઈ ચોક્કસ સ્થાન નથી, પણ આખાએ શરીરમાં વ્યાપીને રહે છે. સ્થૂલશરીરના કોઈ પણ ભાગમાં સુખદુઃખની અસર થાય તે અંતઃકરણ તુરત ગ્રહણ કરી લઈ જીવની પાસે રજૂ કરે છે.

આ અંતઃકરણને બદલે કેટલીકવાર હૃદય એવો શબ્દ વપરાય છે. તેવે વખતે ધ્યાન રાખવું કે હૃદય એટલે શરીરના ડાબા પડખામાં જે માંસલ અવયવ છે, અને જે લોહીને શરીરમાં ફેરવવાનું કામ કરે છે તે અર્થમાં નથી, પણ અંતઃકરણના અર્થમાં છે એટલે તે આખાએ શરીરમાં વ્યાપીને રહેલ છે એમ સમજવું. આટલો ખુલાસો એટલા માટે કરવો પડે છે કે ઘણા માણસો હૃદય અને અંતઃકરણ બે એક જ છે અને ડાબા પડખાંના માંસલ અવયવમાં જ અંતઃકરણના બધા વ્યવહાર થાય છે એમ માને છે જ્યારે વસ્તુતઃ તેમ નથી.



કેટલાક આધુનિક વિદ્વાનો એમ પણ માનતા દેખાય છે કે અંતઃકરણના અર્થવાળું હૃદય શરીરમાં જમણા પડખામાં છે અને અંતઃકરણની બધીએ ક્રિયાઓ ત્યાં થાય છે. પણ આ વાત સાચી નથી, તે હવે અંતઃકરણનું સ્વરૂપ તપાસશું ત્યારે આપોઆપ સમજાઈ જશે.

અંતઃકરણની ચાર મુખ્ય વૃત્તિઓને આધારે, તેના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે, જેનાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એવાં નામ છે. આ ચારે વિષે સાથે બોલવું હોય ત્યારે "અંતઃકરણ ચતુષ્ટય" એવો શબ્દ વપરાય છે. કેટલીક વાર અંતઃકરણ શબ્દ ન વાપરતાં ચારમાંથી ગમે તે એક શબ્દ વપરાય છે. કોઈ ઠેકાણે અંતઃકરણને બદલે મન, તો કોઈ ઠેકાણે બુદ્ધિ તો કોઈ ઠેકાણે ચિત્ત એમ અકેક શબ્દ વપરાય છે. આગળ જણાવેલ સૂક્ષ્મશરીરની વ્યાખ્યામાં શ્રીશંકરાચાર્યે અંતઃકરણને બદલે મન અને બુદ્ધિ એમ બે શબ્દો વાપર્યા છે, જ્યારે આપણે તેને બદલે અંતઃકરણ શબ્દ મૂક્યો છે. બીજા પણ કેટલાક દાખલા નીચે મુજબ આપી શકાય. **चित्तमेव हि संसारः। मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः। रागेच्छासुख-दुःखादि बुद्धौ सत्यां प्रवर्तते ॥** આ ત્રણેય ઠેકાણે જુદા જુદા શબ્દો અંતઃકરણના અર્થમાં વપરાયા છે, અને તેમ સમજવું સારું પણ છે, કારણ તેથી ગોટાળો ન થાય. આ ત્રણેયને એકબીજા સાથે એટલો બધો ઘનિષ્ઠ સંબંધ છે કે દરેકનું કાર્યક્ષેત્ર તદ્દન નિરનિરાળું સાવ જુદું પાડીને કહેવું કે સમજવું અસંભવિત છે. માટે શ્રેયસ્કર એ જ છે કે તે દરેક શબ્દને બદલે અંતઃકરણ શબ્દ મૂકીને અર્થ સમજવો, એટલે કે દરેક શબ્દ અંતઃકરણનો પર્યાય કે પ્રતિનિધિ છે એમ સમજવું.

(ક્રમશઃ)

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

કૃષ્ણે કહ્યું :

'હું તને, શબ્દોને સ્નેહને કદી પણ નહિ ભૂલી શકું. કોઇએ પરિસ્થિતિમાં, પ્રદેશમાં ને કોઇયે કારણે નહિ.'

રાધા એ શબ્દોની પાછળના પરમપ્રેમનો અનુભવ કરીને સુખી થઇ, ભાવમાં ડૂબી ગઇ. ને બોલી :

'મને ફરી મળીશ તો ખરો ને? મથુરામાં જઇને વૃંદાવનની ભાવભીની ભૂમિને ભૂલી તો નહિ જાય? '

રાધાની આંખમાંથી અશ્રુ સરી પડ્યાં.

કૃષ્ણે એમને પોતાના પીતાંબરથી લૂછતાં કહ્યું :

'તું નકામી રડી રહી છે, રાધા!'

સુપ્રિયા બોલી :

'તે તો તું રાધાનું હૃદય મેળવે ને એના ધબકારાને અનુભવે તો જ સમજી શકે. પુરુષ કદાચ સ્ત્રી કરતાં વિશેષ કઠોર હોય છે. નહિ તો આવા પ્રસંગે તારું હૈયું પણ હાથમાં ના રહેત.'

'મારું હૈયું હાથમાં તો નથી રહેતું પણ કર્તવ્યનો વિચાર કરીને હાથમાં રાખવું પડે છે. વ્રજની ભાવભીની ભૂમિને હું ક્યાંય પણ ને કદાપિ નહિ ભૂલી શકું. એ ભૂમિનાં સંસ્મરણો સનાતન રહેશે. અહીંથી છૂટા પડતી વખતે મારી આંખ ભલે ના રડતી હોય પણ મારું હૃદય તો રડે જ છે. રાધા! તું મારા જીવનની રસધારા છે. તારા વિના મારું જીવન નીરસ બની જશે. તને ફરી વાર મળવાની આશા તો રાખું છું. આપણે



અવશ્ય મળીશું. પરંતુ કોઇ કારણે જલદી ના મળવાનું થાય તો પણ તું સદાને માટે મારી સાથે જ રહેશે. તને કદાપિ ક્યાંય નહિ ભૂલી શકું.'

રાધા થોડી વાર શાંત રહીને બોલી :

'કુસ્તીનું કામ પૂરું કરીને વૃંદાવનમાં વહેલી તકે આવી જજે.'

'આવવાની આશા તો રાખું છું પરંતુ એનો આધાર સંજોગો પર રહેશે.'

સુપ્રિયા બોલીઃ

'સંજોગો ગમે તેવા હોય તોપણ રાધાને માટે પણ અહીં આવી જજે. એનો પ્રેમ એવો પવિત્ર ને પ્રબળ છે કે એ તારા વિના નહીં જીવી શકે. તારા વિના એનું જીવન સૂનું બની જશે. સમસ્ત વૃંદાવન તારા વિરહની વ્યથામાં ડૂબીને વિલાપ કરશે.'

કૃષ્ણે કહ્યું :

'કંસે યોજેલી કુસ્તી તો જીવનની વિશાળ કુસ્તીના એક નાનકડા વિભાગરૂપ જ છે. જીવનભર મારે અધર્મી, અનર્થકારી અને અત્યાચારીઓની સાથે, શોષણ અને અનીતિ સામે, કુસ્તી કરવાની જ છે. મારા જીવનનું એક પ્રયોજન એ પણ છે. છતાં મારું હૃદય પ્રેમમય હોવાથી હું સાચા પ્રેમને ભૂલી નથી શકતો, રાધાના પ્રેમને તો નહીં જ ભૂલું. એ મારા જીવનની પ્રેરક શક્તિ છે. ને પ્રેરક શક્તિ તરીકે કાયમ રહે છે.'

★ ★ ★

બીજે દિવસે સવારે અક્રૂરજી કૃષ્ણ–બળરામને પોતાના સુવર્ણજડિત રથમાં બેસાડીને વૃંદાવનમાંથી પ્રસ્થાન કરવા તૈયાર

થયા ત્યારે ગોપીઓની દશા ખૂબ જ કરુણ બની ગઈ.

રાધા અને સુપ્રિયા એ વિયોગદશ્યને નિહાળી ના શકવાથી થોડેક દૂર ઊભી રહી—તદ્દન ચેતનહીન અથવા નિષ્પ્રાણ જેવી.

કેટલીક ગોપીઓ વિલાપ કરવા લાગી તો કેટલીક અક્રૂરને કૃષ્ણને મથુરા ના લઈ જવા માટે પ્રાર્થના કરવા લાગી.

પરંતુ અક્રૂરજી શું કરે?

કૃષ્ણનું પોતાનું જ અંતર મથુરા જવા માટે અધીરું બનેલું.

કોઈએ કહ્યું પણ ખરું :

'અક્રૂરજી, તમારું નામ ખરું જોતા અક્રૂર નહિ પણ ક્રૂર હોવું જોઈએ.'

'કારણ?'

'કારણ કે તમે ક્રૂર છો.'

'કેવી રીતે?'

'અમારા પ્રિયતમ, પ્રાણપ્રિય કૃષ્ણને અમારાથી અલગ કરો છો કે દૂર લઈ જાવ છો એટલા માટે.'

'કૃષ્ણ તો પોતાની મેળે જ મારી સાથે આવે છે.'

'તો પછી તમે બંને ક્રૂર છો ને વિધાતા પણ ક્રૂર છે.'

'વિધાતા ક્રૂર નથી. એ દયા કરીને મમતા અને આસક્તિનાં બંધન તોડવામાં મદદ કરે છે.'

'અમારે એ જ્ઞાન નથી સાંભળવું.'

'તો પછી મને ક્રૂર ના કહેશો.'

'તમે ક્રૂર છો જ.'

અક્રૂરજી શાંત રહ્યા. કૃષ્ણના કહેવાથી એમણે રથને આગળ ચલાવ્યો.



કૃષ્ણે કહ્યું :

'ગોપીઓ, તમારા પ્રેમનો બદલો હું કોઈ રીતે નહિ વાળી શકું.'

એ વધારે ના બોલી શક્યા.

રાધાને જ્યાં સુધી જોય શકાય ત્યાં સુધી જોતાં રહીંને એ મથુરાના માર્ગે આગળ વધ્યા.

રાધા રડી પડી. એને માટે એ વિદાય ખૂબ જ વસમી ઠરી.

'જય શ્રીકૃષ્ણ' બોલવાનું સહેલું નથી. પછી ઓફિસમાં લાંચ ન લઈ શકાય. ગ્રાહકને છેતરી ન શકાય. જુઠૂં ન બોલાય.

સંસારની બધી જ કડવાશ ને ખારાશનું મૂળ છે અભિમાન.

'લોકો શું કહેશે' એવું વિચારીને જીવતા હો, તો પછી ઈશ્વર શું કહેશે એનો પણ વિચાર અવશ્ય કરજો.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.